### લગ્ન પૂર્ણ થયા અને ખુંખાર પ્રાણી આવ્યું

# લ્યો બોલો : ધારીનાં મીઠાપુર (નક્કી) ગામે લગ્નનાં મંડપમાં દીપડાનું થયું આગમન

### સમગ્ર દ્રશ્ય સીસીટીવી કેમેરામાં કેદ થયું



અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લામાં લગ્નની મૌસમ પુરબહારમાં ચાલી રહી છે. ત્યારે ગીરકાંઠાનાં આ અમરેલી જિલ્લામાં લગ્ન પ્રસંગમાં સગા સંબંધીની જેમ જાણે વન્ય પશુઓ પણ લગ્નની મોજ માણવાં આવ્યા હોય. તેવો ઘાટ ધારી તાલુકાના મીઠાપુર નક્કી ગામે જોવા મળ્યો છે. જેમાં લગ્ન પુરા થયા બાદ ખાલી થયેલા લગ્ન પ્રસંગના મંડપમાં એક કદાવર દીપડાએ લટાર મારી હતી. તે આખી ઘટના સીસીટીવીમાં કેદ થઈ જવા પામી છે. અને સીસીટીવીમાં કેદ થયેલો વીડિયો સોશ્યલ મીડિયામાં થવા પામેલ છે.

આ બનાવમાં મળતી વિગત મુજબ ધારી ગીરના મીઠાપુર નક્કી ગામે એક લગ્ન પ્રસંગ યોજાયો હતો. આ લગ્નમાં અનેક લોકો જોડાયા હતાં. દિવસભર લોકોએ લગનની મોજ માણી હતી. અને સાંજે લગનની વિધિ સંપન્ન થયા બાદ સૌ પોતપોતાનાં ઘર તરફ નીકળી ગયા હતાં.

પરંતુ જયાં પ્રસંગનું આયોજન થયેલ તે લગ્ન પ્રસંગ પૂરા થયા બાદ ખાલી થયેલા લગ્ન પ્રસંગના મંડપમાં રાત્રીનાં સમયે એક કદાવર દીપડાએ લટાર મારી હતી. તે આખી ઘટના સીસીટીવીમાં કેદ થઈ જવા પામી છે. અને આ સીસીટીવીમાં કેદ થયેલો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થવા પામેલ છે.

### વનકર્મીઓની ખાલી જગ્યા ભરાતી ન હોય

# અમરેલી જિલ્લામાંથી પસાર થતો નેશનલ હાઈવે વન્ય પ્રાણીઓ માટે ઘાતક

### એક મહિનામાં ૩ વન્ય પ્રાણીઓ મોતને ભેટયા



અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લામાંથી પસાર થતો ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે વન્ય પ્રાણીઓ માટે પણ ઘાતક બન્યો હોય તેમ છાશવારે આ માર્ગ ઉપર વન્ય પ્રાણીઓ વાહન હડફેટે આવી જઈ મોતને ભેટે છે. ત્યારે માત્ર છેલ્લા એક મહિના દરમિયાન જ ૩ વન્ય પ્રાણી વાહન અકસ્માતમાં મોતને ભેટયા છે.

ગઈકાલે રાત્રીનાં સમયે જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ગામ નજીક એક અજાણ્યા વાહન હડફેટે આવી જતાં સિંહણનું મોતનું મોત નિપજયાની ઘટના ઘટતાં વનવિભાગ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી જઈ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે. આ બનવાથી ભારે અરેરાટી ફેલાય જવા પામેલ છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ગામ પાસે આવેલ ટોલ નાકા નજીક ગઈકાલે રાત્રે ૩ થી ૫ વર્ષની ઉંમરની સિંહણ રોડ ઓળંગી રહેલ હતી ત્યારે કોઈ અજાણ્યા વાહન ચાલકે સિંહણને હડફેટે લઈ ગંભીર ઈજાઓ કરી સિંહણનું મોતનું મોત નિપજાવી વાહન ચાલક નાશી છુટયો હતો. આ બનવાથી ભારે અરેરાટી ફેલાય જવા પામેલ છે.

આ બનાવ અંગે સ્થાનિક લોકોએ વન વિભાગને જાણ કરવામાં આવતાં વનવિભાગ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી જઈ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ હતી.

અમરેલી જિલ્લામાંથી પસાર થતાં ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે પર ગઈકાલે રાત્રે સિંહણનું વાહન અકસ્માતે મોત થતાં વનવિભાગે તાત્કાલિક સીસીટીવી ફૂટેજના આધારે તપાસ આદરી અને અકસ્માત કરી નાશી છૂટેલાં આરોપીને ગણતરીની કલાકોમાં કાર સમેત ઝડપી પાડી આરોપી સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે પર ગઈકાલે સિંહણનું વાહન અકસ્માતે મોત થતાં વન વિભાગે તાત્કાલિક સીસીટીવી ફૂટેજના આધારે તપાસ આદરી અને અકસ્માત કરી નાશી છૂટેલાં કોડીનારના વતની અને ગાંધીનગરમાં પોલીસ આવાસમાં સિવિલ એન્જિનિયર તરીકે ફરજ બજાવતાં વિરેન્દ્ર રાઠોડ નામનાં આરોપીને કાર સમેત ટિંબી ગામ નજીકથી જ ઝડપી પાડેલ છે. ઝડપાયેલ આરોપી સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

અમરેલી એસીએફ વિરલસિંહ ચાવડાએ જણાવ્યું હતું. રાજુલાથી ઉના સુધીનો માર્ગ સિંહોનો કોરિડોર હોવાથી આ નેશનલ હાઈવે માર્ગ પર વાહનો ધીમી સ્પીડમાં ચલાવવાની વનતંત્રની અપીલ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આ માર્ગ ઉપર ગત તા. ૪ જાન્યુઆરીએ પણ એક વાહન ચાલકે સિંહણને હડફેટે લઈ સિંહણનું મોત નિપજાવી નાશી ગયો હતો. બાદમાં આ વાહન ચાલકને વનવિભાગે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

ત્યાર બાદ પણ આ જ ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે પર જાફરાબાદ તાલુકાના બાલાનીવાવ પાસે ગત સોમવારે વ્હેલી સવારે કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાના હવાલાવાળું વાહન ફુલ સ્પીડથી અને બેદરકારી રીતે ચલાવી અને એક દીપડીને હડફેટ લઈ એક દીપડીનું ગંભીર ઈજાથી મોત નિપજયુ હતું.

આમ અમરેલી જિલ્લામાંથી પસાર થતાં ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે માર્ગ વન્ય પ્રાણીઓ માટે રકતરંજિત બન્યો હોય તેમ એક મહિનાનાં સમયગાળા દરમિયાનમાં જ બે સિંહણ અને એક દીપડી જેવાં વન્યપ્રાણી અકસ્માતે મોતને ભેટયા છે.

ત્યારે વન્ય પ્રાણી પ્રેમીઓ તથા આ વિસ્તારનાં રહીશો દ્વારા વનવિભાગમાં ખાલી રહેલી તમામ જગ્યાઓ ઉપર તાત્કાલિક વન કર્મચારીઓની નિમણુંક કરવા માટે માંગ કરવામાં આવેલ છે.

### સામાન્ય બાબતને લઈને દંપતી ખંડિત થતાં અરેરાટી

# બાબરાનાં કલોરાણા ગામે રૂપિયા ઉછીના લેવા બાબતે માથાકૂટ થતાં પતિ–પત્નીએ ઝેર ગટગટાવી લીધુ

### પતિનુ સારવાર દરમિયાન મોત થયુ અને પત્ની સારવારમાં

અમરેલી, તા. ૨

બાબરા તાલુકાના કલોરાણા ગામે રહેતાં એક પતિ–પત્નિ વચ્ચે રૂપિયા ઉછીના લેવાં બાબતે બોલાચાલી થતા આવેશમાં આવી જઈ પતિ–પત્નિએ ઝેરી દવા પી જતા પતિનું સારવાર દરમિયાન મોત નિપજયાનું તથા પત્નિને હોસ્પીટલમાં સારવારમાં ખસેડાયાનું પોલીસ જાહેર થવા પામેલ છે.

બાબરા તાલુકાના કલોરાણા ગામે રહેતાં સંજયભાઈ વિઠ્ઠલભાઈ ડાભી નામનાં ૩૫ વર્ષીય યુવકે સ્થાનિક બચત મંડળમાંથી રૂપિયા ઉછીના લીધેલ હોય જે બાબતે આ બન્ને પતિ–પત્નિ વચ્ચે ગત તા. ૩૧ના રોજ સાંજે ૫:૩૦ વાગ્યાના અરસામાં કલોરાણા ગામે પોતાના રહેણાંક મકાને બોલાચાલી થતા આવેશમાં આવી જઈ પતિ–પત્નિ સહિત બન્નેએ જીરામાં છાંટવાની ઝેરી દવા પી જતા સંજયભાઈનું સારવાર દરમિયાન મોત નિપજયાનું તથા તેમનાં પત્નિ પ્રભાબેનને જસદણ ખાતે હોસ્પિટલમાં સારવારમાં ખસેડાયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### તાલુકા કોંગ્રેસ પ્રમુખ વિપુલ પોંકિયાએ ચૂંટણી અધિકારીને રજુઆત કરી

# અમરેલી જિલ્લામાં ભાજપનાં જે આગેવાનોએ ગેરકાયદેસર રીતે ફોર્મ નં. ૭ ભર્યા છે તેની વિરૂધ્ધ કાર્યવાહી કરો

### ભાજપ વિરોધી મત દુર કરવા માટે ૭ નંબરનું ફોર્મ ભરાયાનો આક્ષેપ



અમરેલી, તા. ૨

વર્તમાન સમયમાં સમગ્ર ગુજરાતમાં ચૂંટણી પંચ દ્વારા એસ.આઈ.આર. ની કામગીરી શરૂ છે, જેમાં ભાજપ પક્ષ દ્વારા વિરોધી મતદારોના નામ કમી કરવા માટે ૭ નંબરનું ફોર્મ ભરીને નામ કમી કરવાનો જોરદાર કારસો રચવામાં આવ્યો છે. જે કોંગ્રેસ પક્ષને ધ્યાને આવતા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડા સમગ્ર ગુજરાતમાં ચૂંટણી પંચ અને ભાજપ પક્ષ સામે જોરદાર લડત લડી રહ્યા છે, જેમાં અમરેલી વિધાનસભામાં પણ ભાજપ પક્ષ દ્વારા ૬૫૦૦ કરતા વધુ મતદારોના નામ કમી કરવા માટે ભાજપના આગેવાનો દ્વારા ૭ નંબરનુ ફોર્મ ભરવામાં આવ્યા છે, આ બાબત તાજેતરમાં જ અમરેલી તાલુકા કોંગ્રેસના પ્રમુખ વિપુલ પોંકિયાને ધ્યાનમાં આવતા અમરેલીના પ્રાંત કલેકટર અને ચૂંટણી અધિકારીને રૂબરૂ મુલાકાત કરીને રજૂઆત કરી હતી, અને સાચા મતદારોના ખોટી રીતે નામ કમી કરવા માટે ૭ નંબરનું ફોર્મ ભાજપના જે આગેવાનોએ ભર્યા છે તેની સામે કાયદાકીય રીતે કાર્યવાહી કરવા માટે જણાવ્યું હતું.

# દામનગર શહેરની સરકારી ત્રણ ઈમારતની હાલત જર્જરીત



દામનગર, તા. ૨

આઝાદી સમય પહેલાં ૧૮૮૮–૮૯ના વર્ષમાં ગાયકવાડ સરકારે દામનગર ગામમાં લોકોનાં જરૂરી કામ થાય તે માટે વહીવટદાર કચેરીનું રૂા. ૨૬૦૯૭માં નિર્માણ કરેલ. બાજુમાં પોલીસ સ્ટેશન અને ગ્રામ પંચાયત કચેરી માટે ઈમારત બનાવેલ. સમય જતાં અન્ય વિસ્તારોમાં આ વિભાગોની કચેરી નવી બનાવાઈ છે. હાલમાં એક માત્ર જર્જરીત રૂમમાં સીટી સર્વેને લગતી કામગીરી શરૂ છે. જાળવણીના અભાવે આ ત્રણેય ઈમારત ભેંકાર ભાસી રહી છે. કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગ પેટા વિભાગ–૨, અમરેલી હસ્તકના આ ત્રણેય ઈમારતોમાંથી બારી, બારણા અને લોખંડ જોવા મળતા નથી. લોકોની અવરજવરને કારણે અને પશુઓ માટે કોઈ જોખમ ઉભું થાય તે પહેલાં સ્થાનિક અને જિલ્લાનું સરકારી તંત્ર તેમજ લોકોનાં પ્રતિનિધિ ધ્યાન આપી આ જર્જરીત ત્રણેય ઈમારત માટે યોગ્ય નિર્ણય લે તેવી માંગ થતી રહે છે.


સંકુલ મહિલા કોલેજ
MBA MCA B.Pharm
M.Pharm. B.Ed. PTC
PG DMLT કોલેજ ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સંકુલ કોલેજ હોસ્ટેલ
સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી. -Ad 187


### ગાંધીનાં ગુજરાતમાં આવુ દ્રશ્ય શોભતુ નથી

# હે રામ : બગસરામાં ઠેકઠેકાણે દેશી દારૂના હાટડા શરૂ થયા હોય શહેરીજનો પરેશાન

### પોલીસ અધિક્ષક લાલ આંખ કરે તેવી માંગ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨

બગસરામાં આજ કાલ ઠેકઠેકાણે દેશી દારૂ વેચાઈ રહેલ છે. જેના લીધે હવે પ્યાસીઓને દીવ જવાની જરૂર નથી શહેરમાં ઠેક ઠેકાણે દેશી દારૂનું ધૂમ વેચાણ ચાલી રહેલ છે. બુટલેગરો દ્વારા સરકારી જમીનોમાં પોતાનું દબાણ કરીને પાનના ગલ્લાની આડમાં બાર જેવો માહોલ ઉભો કરી નાખેલો છે. હાલમાં આવી રહેલ તહેવાર મહાશિવરાત્રીની જોર શોરથી તૈયારી ચાલી રહેલ છે જયારે એક તરફ બુટલેગર બાબુઓ બેખોફ બનીને દેશી દારૂ બેફામ રીતે વેચાણ કરી રહેલ છે.

બગસરામાં શેરી નાકે દેશી દારૂના હાટડા ચાલી રહેલ છે. તો શું પોલિસ આ વેચાણથી અજાણ છે કે પછી બૂટલેગરો દ્વારા હપ્તો પહોંચતો કરવામાં આવે છે તેવી લોકોમાં ચર્ચા સાથે સવાલો ઊઠયા છે ? જયારે બગસરામાં અમરપરા, પાળા પાસે, બગસરા રેલવે સ્ટેશન ઉપર, હુડકો વિસ્તાર, અમરેલી રોડ જેવા અનેક સ્થળો પર બેફામ રીતે દેશી દારૂનું વેચાણ જોર શોરથી ચાલી રહેલ છે તેટલુંજ નહિ પરંતુ બુટલેગરો દ્વારા પાનનાગલ્લાની આડમાં. ઈંગલિશ તથા દેશી દારૂના અડ્ડા તેમજ બાર બનાવી દીધા છે. આવા બેફામ વેંચતા દારૂ સામાન્ય માણશ જોઈ રહેલ છે પરંતુ પોલિસની મીઠી નજર હેઠળ પોલીસને દેખાતું ના હોય તેમ ચાલી રહેલ છે.

આ તમામ વિસ્તારો પાસેથી લોકોનો વધુ પડતી અવર જવર રહેતી હોય છે. ત્યારે અહીથી પસાર થતા રાહદારીઓને પણ હાલાકીનો સામનો કરવો પડે છે. આવા બૂટલેગરો દ્વારા બેફામ રીતે વેચાણ કરવામાં આવે છે ત્યારે દેશી દારૂના પ્યાશીઓ દ્વારા આવો દારૂ પીધા પછી બેખોફ બની જાય છે અને રાહદારીઓને પરેશાન કરી રહ્યા છે. તેટલુ જ નહિ પરંતુ ઠેક ઠેકાણે લોકો નશામાં ધુત થઈ રોડ ઉપર સુતેલા પણ જોવા મળી રહેલ છે તેમ છતાં પોલીસ આંખ આડા કાન કરી ચાલે તેમ ચાલવા દઈ રહેલ છે. જેના લીધે આવા લોકોને પોલિસનો ડર જ નથી કે પછી પોલિશની મીઠી નજર છે તેવા વેધક સવાલો લોકોમાં ઉઠી રહ્યાં છે.

# સાવરકુંડલા–કાનાતળાવ–હાથસણી–રૂગનાથપુર માર્ગનો ૫.૫ કરોડનાં ખર્ચે નવિનીકરણનો શુભારંભ









સાવરકુંડલા તાલુકાના વિવિધ ગામોમાં માર્ગ વિકાસ અને માળખાગત સુવિધાઓને વધુ મજબૂત બનાવવા હેતુસર અનેક કાર્યક્રમો ૧૨ કરોડ ખાતમુહૂર્ત તથા લોકાર્પણ યોજાયા હતા. આ વિકાસકાર્યો દ્વારા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસને નવી દિશા અને નવી ગતિ મળશે. ગણેશગઢ ગામે ૧૩.૭૫ લાખના ખર્ચે વિવિધ સી.સી. રોડના કામોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા, જેના કારણે ગામની આંતરિક માર્ગ સુવિધા વધુ સુગમ અને મજબૂત બનશે. આ સાથે ગાધકડા ગામે ૩૪.૮૩ લાખના ખર્ચે નિર્માણ પામનાર નવી ગ્રામ પંચાયત (ગ્રામ સચિવાલય) ભવનની સ્થળ મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી, જયાં ભવિષ્યમાં ગ્રામજનોને તમામ પ્રશાસનિક સેવાઓ એક જ સ્થળે સરળતાથી ઉપલબ્ધ થશે. હાથસણી ગામે સાવરકુંડલા હાથસણી માર્ગ માટે ૪.૧૦ કરોડ તેમજ હાથસણી–રૂગનાથપુર માર્ગ માટે ૧.૪૦ કરોડના ખર્ચે રીસર્ફેસિંગ કામોના કુલ ૫.૫૦ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું, જેના કારણે આવાગમન વધુ સરળ બનશે અને ખેડૂતો, વિદ્યાર્થીઓ તથા સામાન્ય નાગરિકોને મોટો લાભ મળશે. ભુવા ગામે ભુવા–ખડકાળા જીરા સ્ટેશન રોડ પર ૧.૮૦ કરોડના ખર્ચે રીસર્ફેસિંગ કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું, જે વિસ્તારના ગામોને મુખ્ય માર્ગ સાથે જોડવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. ધાર–મોલડી તરફ જતાં માર્ગ પર નિર્મિત ૨ સ્પાન સ્લેબ ડ્રેનનું ૭૦ લાખના ખર્ચે લોકાર્પણ કરવામાં આવ્યું, જેના કારણે વરસાદી પાણીના યોગ્ય નિકાલની સુવિધા મળશે અને ચોમાસામાં માર્ગ પર પાણી ભરાવાની સમસ્યા દૂર થશે. આ ઉપરાંત ખાલપર ગામે ખાલપર–બવાડી રોડના ૩.૨૫ કરોડના ખર્ચે સી.સી. રોડ તેમજ દીવાલના કામોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા, જેના કારણે સ્થાનિક લોકોને સલામત, સુવ્યવસ્થિત અને ટકાઉ માર્ગ સુવિધા ઉપલબ્ધ બનશે આ તમામ વિકાસકાર્યોના અમલથી સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ સુવિધા, આવાગમન, સુરક્ષા તથા જનસુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થશે અને સ્થાનિક વિકાસને નવી ગતિ મળશે. આ સમગ્ર વિકાસ કાર્યક્રમમાં તાલુકા પંચાયત સદસ્યઓ, જિલ્લા પંચાયત સદસ્યઓ, તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારઓ, સહકારી આગેવાનો, ગ્રામ પંચાયતના સરપંચઓ તેમજ આગેવાનો અને કાર્યકર મિત્રોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલયે ''વીબી જીરામજી'' કાર્યશાળા યોજાઇ



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીનાં નેતૃત્વમાં વિકસિત ભારત–રોજગાર અને આજીવિકાની ગેરેંટી મિશન (ગ્રામીણ) બિલ સંસદમાં પસાર કરવામાં આવ્યું છે, જે અંતર્ગત કેન્દ્ર સરકાર ધ્વારા ગ્રામ્ય ક્ષેત્રે વસતાં શ્રમિકો માટે રોજગારીનું સર્જન થશે તેમજ ગામડે વસતાં શ્રમિકોને સીધો લાભ પહોંચે તેવી જોગવાઈ કરવામાં આવી છે. પ્રદેશ ભાજપનાં માર્ગદર્શન મૂજબ અમરેલી જીલ્લા ભાજપ કાર્યાલયે જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીની અધ્યક્ષતામાં જીલ્લા કક્ષાની કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રદેશ કિસાન મોરચાના પ્રમુખ હિરેનભાઈ હીરપરા મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં અને તેઓએ 'વીબી જીરામજી' યોજનાની માહિતી અપેક્ષિત આગેવાનોને આપી હતી. આ મિશન માટે પહેલાં તાલુકા મથક અને ત્યારબાદ ગ્રામ્ય સ્તર સુધી વિવિધ માધ્યમોથી જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવશે. તા. ૧ થી ૭ ફેબ્રુઆરી સુધીમાં તાલુકા વાઈઝ કાર્યશાળા યોજાશે. જેમાં જીલ્લા ભાજપનાં આગેવાનો ભૂપેન્દ્રભાઈ બસિયા, મનોજભાઈ મહીડા, દિપકભાઈ વઘાસીયા, મનિષભાઈ સંઘાણી, મયુરભાઈ માંજરિયા, મુકુંદભાઈ મહેતા, રાજુભાઈ ભુતૈયા, સુરેશભાઈ ગમારા, દિલીપભાઈ જોષી, અનિલભાઈ વેકરિયા, વિપુલભાઈ ભટ્ટી, સાગરભાઈ સરવૈયા, દિવ્યેશભાઈ વેકરિયા, કોમલબેન રામાણી વક્તા તરીકે વીબી જીરામજી યોજનાની વાતને સરળ રીતે સમજાવશે. આ કાર્યશાળામાં જીલ્લાનાં મંડલ પ્રમુખો –મહામંત્રીઓ, સહકારી આગેવાનો તેમજ યોજનાનાં પ્રચાર– પ્રસાર હેતુ નિમણૂંક કરવામાં આવેલ ઈન્ચાર્જ ઉપસ્થિત રહ્યાં હતાં, જીલ્લા ઈન્ચાર્જ ભૂપેન્દ્રભાઈ બસિયા તેમજ સહ ઈન્ચાર્જ કેતનભાઈ ઠાંકેચા મંડલ સ્તરે સંકલન કરી રહ્યાં છે. તેમ જીલ્લા ભાજપની યાદીમાં જણાવ્યું છે.

### ધારાસભ્ય જનક તળાવીયાની રજુઆત બાદ

## ભૈ વાહ : લાઠી શહેરમાં રૂપિયા ૫૦ લાખનાં ખર્ચે વિકાસ કાર્યો કરાશે

### સમગ્ર શહેરીજનોમાં કામગીરીથી ખૂશીનો માહોલ છવાયો

અમરેલી, તા. ૨

લાઠી શહેરના સર્વાંગી વિકાસ અને નાગરિક સુવિધાઓને વધુ મજબૂત બનાવવા માટે લાઠી નગરપાલિકા દ્વારા અંદાજિત રૂ. ૫૦ લાખના ખર્ચે કરવામાં આવનારા વિવિધ આંતરમાળખાકીય સુવિધાના વિકાસ કામોનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

આ વિકાસ કામોમાં શહેરના વિવિધ વિસ્તારોમાં પેવિંગ બ્લોક રોડ, કોમ્યુનિટી હાલ, સ્નાનઘાટ તેમજ અન્ય મૂળભૂત નાગરિક સુવિધાઓનો સમાવેશ થાય છે. આ કામો પૂર્ણ થતાં શહેરની સ્વચ્છતા, ટ્રાફિક વ્યવસ્થા તથા જનસામાન્યની દૈનિક જીવનશૈલીમાં મહત્વપૂર્ણ સુધારો થશે.

ખાતમુહૂર્ત પ્રસંગે ધારાસભ્યએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે રાજયસરકારના માર્ગદર્શન હેઠળ લાઠી શહેરના વિકાસ માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. શહેરના દરેક વિસ્તાર સુધી વિકાસની સુવિધાઓ પહોંચે તે સરકારની પ્રાથમિકતા છે. નગરપાલિકા દ્વારા હાથ ધરાયેલા આ વિકાસ કામો લાઠીના ભવિષ્યના વિકાસમાં માઈલસ્ટોન સાબિત થશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે વિકાસ કામોમાં ગુણવત્તા અને સમયમર્યાદાનું વિશેષ ધ્યાન રાખવામાં આવશે જેથી નાગરિકોને લાંબા સમય સુધી લાભ મળી રહે. વિકાસ કાર્યો માટે નગરપાલિકા, અધિકારીઓ અને કર્મચારીઓનો સહકાર મહત્વપૂર્ણ હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

### મંદીનાં માહોલમાં વેપારીઓને વેપાર કરવામાં સાવચેતી રાખવી પડશે

## બગસરા અને જાફરાબાદનાં વેપારીઓ પાસેથી વિવિધ ચીજવસ્તુઓ લઈ જઈ નાણા ન આપી છેતરપીંડી કરાઈ

### બંને વેપારી સાથે કુલ ૧૦ લાખ રૂપિયાની છેતરપીંડી થતાં ફરિયાદ

અમરેલી, તા. ૨

બગસરા તથા જાફરાબાદ પંથકમાં બે અલગ અલગ વેપારી પાસેથી અલગ અલગ આરોપીઓ મટિરિયલ્સની ખરીદી કરી અને નાણાં નહીં ચુકવી વેપારીઓ સાથે છેતરપિંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં બગસરા ગામે માર્કેટીંગ યાર્ડની પાસે રહેતાં અને બગસરા ગામે માર્કેટીંગ યાર્ડ રોડ ઉપર ખોડીયાર આયરન ડેપો ચલાવતાં મિતેશકુમાર મનસુખભાઈ કટેશીયા નામના ૨૫ વર્ષીય વેપારી યુવક સાથે કોઈ જીજ્ઞેશ પટેલ નામના અજાણ્યા ઈસમે તેમના મોબાઈલ નંબર ઉપરથી વેપારી યુવકનો સંપર્ક કરી તેમજ વોટ્સએપ મારફતે ચીજ વસ્તુઓનો ઓર્ડર આપી ગત તા. ૫ ના રોજ વિજયભાઈ નામનો આરોપી ટ્રક સાથે બગસરા ગામે વેપારી યુવકના ખોડીયાર આયરન ડેપોમાં આવી અને ૨૦ નંગ પાઈપ, બીજા માપના ૧૪૦ નંગ પાઈપ જે બંન્ને પાઈપોની કુલ કિંમત રૂપિયા ૨,૮૦,૪૨૭ તથા ૮૦ નંગ પતરા કિંમત રૂપિયા ૨,૦૬,૧૧૬.૫૦ પૈસા તેમજ લેબર વર્ક રૂપિયા ૨૧૫૬ મળી કુલ રૂપિયા ૪,૮૮,૭૦૦નો માલ ટ્રકમાં ભરી ડીલેવરી લઈ અને આ વેપારીને આરોપીએ તેમનાં બ્લોક થઈ ગયેલ ઈન્ડસ ઈન્ડ બેન્કના એકાઉન્ટનો ચેક આપી નીકળી ગયેલ હતો. ચેક વેપારીએ બેંકમાં નાખતાં ચેક રિટર્ન થતાં અને મટિરિયલ્સના નાણાં નહીં આપી બગસરાનાં વેપારી સાથે આરોપી જીજ્ઞેશ પટેલ તથા વિજયભાઈએ બંન્ને ઈસમોએ આપી વેપારી સાથે રૂપિયા ૪,૮૮,૭૦૦ છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

બીજા બનાવમાં જાફરાબાદ તાલુકાના મોટા માણસા ગામે પટેલ શેરીમાં રહેતાં વિપુલભાઈ બાબુભાઈ શેખડા નામનાં ૩૭ વર્ષીય વેપારીને કોઈ પંકજભાઈ પટેલ નામનાં આરોપી ઈસમે ડેડાણ ગામે ગૌશાળા આપવાની છે અને ત્યાં શેડ બનાવવાનો છે જેથી જરૂરી મટીરીયલની જરૂર છે. તેમ કહી જરૂરી મટીરીયલનો ભાવ કઢાવી વેપારીની ટીંબી હાઈ–વે રોડ, વડલી રોડ, ભરડીયાની સામે આવેલ અંજની સ્ટીલ નામની દુકાનેથી ગત તા. ૧૩ તથા તા. ૧૯ના રોજ અલગ–અલગ સમયે કુલ રૂપિયા ૫,૦૪,૫૬૩ નું મટીરીયલ (માલ) ભરી લઈ ગયેલ હતાં અને બાદમાં વેપારીને મટીરીયલના રૂપિયા નહિ આપી વેપારી સાથે છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 9377003636

શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

શું તમે હરસ.મસા. ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેક્શનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદિક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ રિચાર્જેબલ બ્લુટૂથ ટેકનોલોજી AI ટેકનોલોજી બેસ્ટ સાઉન્ડ ક્વોલિટી વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363










લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
વેલ્ડીંગ, ફેબ્રીકેશન અને એન્જીનીયરીંગ વર્ક માટે
વેલ્ડર – હેલ્પરની ભરતી
કામના કલાક: સવારે ૮:૪૫ થી બપોરે ૧:૪૫ બપોરે ૨:૪૫ થી સાંજે ૭:૪૫
વેતન/કલાક: વેલ્ડર વેતન પ્રતી કલાક : રૂા. ૫૦/- હેલ્પર વેતન પ્રતી કલાક : રૂા. ૩૫/- PF કાપવાપાત્ર રહેશે. ALL FEBRICATION SOLUTIONS
આવતા પહેલા CV રીઝ્યુમ વોટ્સએપ કરી દેવું.
મહાજન ફેબ્રીકેશન
મહારાષ્ટ્રીય સમાજ પાસે, ભાવકા ભવાની મંદિર પાસે, ચિત્તલ રોડ, અમરેલી.
95 86 86 0123



### કેન્દ્રના મોટા મંત્રીઓએ ઊભા થઈને ભારે વિરોધ નોંધાવ્યો

# ડોકલામ અને ચીનની ઘૂસણખોરીનો મુદ્દો રાહુલ ગાંધીએ ઉઠાવતા સંસદમાં હોબાળો

## રાહુલ ગાંધીએ કારવાંના પુસ્તક અને પૂર્વ આર્મી ચીફ જનરલ નરવણેના ડોકલામ અંગેના પુસ્તકનો હવાલો આપતાં જ મામલો બીચક્યો હતો અને સંસદમાં હોબાળો મચી ગયો

મુંબઈ, તા.૨

સંસદમાં બજેટ સત્રમાં આજે લોકસભાના વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ સંબોધન કર્યું. તેમણે ડોકલામ અને ચીનની ઘૂસણખોરીનો મુદ્દો ઉઠાવતા સંસદમાં ભારે હોબાળો થયો હતો. કેન્દ્રના મોટા મંત્રીઓએ ઊભા થઈને ભારે વિરોધ નોંધાવ્યો હતો. રાહુલ ગાંધીએ કારવાંના પુસ્તક અને પૂર્વ આર્મી ચીફ જનરલ નરવણેના ડોકલામ અંગેના પુસ્તકનો હવાલો આપતાં જ મામલો બીચક્યો હતો અને સંસદમાં હોબાળો મચી ગયો હતો. સત્તાપક્ષ તરફથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે રાહુલ ગાંધીને પડકારવાનો પ્રયાસ કર્યો હતો. હોબાળો વધી જતાં લોકસભાને ત્રણ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી.

રાહુલ ગાંધીએ કહ્યું કે આ લોકો કહે છે કે અમે આતંકવાદ સામે લડીએ છીએ પણ એક તથ્યથી ડરે છે. પુસ્તકમાં એવું તો શું છે જેને અમે ન વાંચી શકીએ. અમને વાંચવા તો દો. તેમાં એ તમામ હકીકતો જણાવાઈ છે જે ડોકલામમાં ઘટી હતી. આ પુસ્તક આર્મી જનરલ નરવણેએ જ લખ્યું છે. બસ આ વાત પર રાજનાથ સિંહ ભડક્યા અને તેમણે કહ્યું કે જો નરવણેને લાગતું હતું કે રોક લગાવાઈ છે તો તેઓ કોર્ટ જઈ શકતા હતા. તેઓ કોર્ટ કેમ ન ગયા? રાહુલ ગાંધીએ કહ્યું કે ચીનના ટેંક કૈલાશ રેન્જ પર ચઢી રહ્યા હતા. રાહુલ ગાંધીના આ નિવેદન સામે પણ હોબાળો થવા લાગ્યો હતો. ચીનની ઘૂસણખોરી મુદ્દે રાહુલ ગાંધીએ સંબોધન શરુ કરતાં આજે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ ઊભા થઈ ગયા હતા. તેમણે કહ્યું હતું કે, જે માહિતી પ્રકાશિત ન થઈ હોય તેનો ઉલ્લેખ તમે અહીં ન કરી શકો. જે બાદ કોંગ્રેસના સાંસદોએ ભારે વિરોધ કરતાં કહ્યું કે હજુ રાહુલ ગાંધીએ બોલવાનું શરુ જ કર્યું છે. રાહુલ ગાંધી આર્મીના જનરલ નરવણેના પુસ્તક અંગે નિવેદન આપવા માંગતા હતા. જોકે રાજનાથ સિંહ વારંવાર ઊભા થઈને વિરોધ કરતાં રહ્યા અને કહ્યું કે આ પુસ્તક પ્રકાશિત થઈ છે કે નહીં? જો પ્રકાશિત ન થઈ હોય તો તમે સંસદમાં ન બોલી શકો.

રાજનાથ સિંહે આક્રોશમાં કહ્યું કે, તમે જે પુસ્તકની વાત કરો છો તે પ્રકાશિત થઈ જ નથી. જે બાદ કોંગ્રેસના સાંસદોએ કહ્યું કે, આ માહિતી મેગેઝીનમાં આવી ગઈ છે. સંસદમાં અગાઉ પણ મેગેઝીનના ક્વોટ બોલવામાં આવ્યા છે. જે બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઊભા થઈને કહ્યું કે, તમે સ્પષ્ટતા કરો કે આ પુસ્તક પ્રકાશિત થઈ છે કે નહીં? મેગેઝીન તો કશું પણ લખી શકે છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે, હું માત્ર ૫ જ વાક્ય બોલવા માંગુ છું જેમાં પૂર્વ ચીફ ઓફ આર્મી સ્ટાફ નરવણેએ PM મોદી અને રાજનાથ સિંહ વિશે વાતો કહી છે. ત્યાર પછી સ્પીકર ઓમ બિરલાએ કહ્યું કે, સંસદની કાર્યવાહી સાથે જોડાયેલી ન હોય તેવી પુસ્તકનો કોઈ ઉલ્લેખ અહીં ન કરી શકો. રાહુલ ગાંધીએ એક મેગેઝિનના લેખને ટાંકીને વાત કરી. આનાથી ટ્રેઝરી બેન્ચમાંથી પણ હોબાળો થયો. સંરક્ષણ મંત્રીએ વાંધો ઉઠાવતાં કહ્યું કે તેમને આવું કરવાની મંજૂરી ન આપવી જોઈએ. ચીનના મુદ્દાને સંવેદનશીલ ગણાવતા અખિલેશ યાદવે કહ્યું કે જો કોઈ સૂચન રાષ્ટ્રીય હિતમાં હોય, તો વિપક્ષના નેતાએ તે વાંચવું જોઈએ. ડૉ. લોહિયાથી મુલાયમ સિંહ યાદવ સુધીના ઉદાહરણો આપતા અખિલેશે કહ્યું કે આપણે ચીન સામે સાવધ રહેવું જોઈએ. લોકસભા સ્થગિત થયા બાદ ૩ વાગ્યે ફરી શરૂ થઈ હતી. રાહુલ ગાંધીએ કહ્યું કે, આ રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો છે. ચીનની સેનાની ૪ તોપ કૈલાશ રેન્જમાં ઘૂસણખોરી કરી રહી હતી.... રાહુલ ગાંધી આટલું બોલ્યા એવામાં રાજનાથ સિંહ ઊભા થયા અને કહ્યું કે, વિપક્ષ નેતા આ વાત ક્યાંથી કહી રહ્યા છે? આ કાલ્પનિક વાતો છે. આ સમગ્ર દેશને ભ્રમમાં નાંખી રહ્યા છે. આમને બોલતા રોકવા જોઈએ. રાહુલ ગાંધી આટલું બોલ્યા ત્યાં લોકસભામાં ફરીથી હોબાળો શરૂ થયો. સ્પીકર ઓમ બિરલાએ કહ્યું કે, તમે માત્ર રાષ્ટ્રપતિના અભિભાષણ પર જ બોલો. આ જ નિયમ છે.

### ખોટી રીતે અરજી કરીને નામ રદ કરાયાનો આક્ષેપ

# લ્યો બોલો : બગસરા પંથકમાં ૧૧૦૦ ઉપરાંતનાં મતદારોનાં નામ રદ કરાતાં હોબાળો મચ્યો

## કોઈ એક વ્યકિત દ્વારા અરજી થયાની રજુઆત





બગસરા, તા. ૨

બગસરા તાલુકાની મતદાર યાદીમાંથી ૧૧૩૫ નામ કમી કરવા માટે ખોટી અરજીઓ કરવાની થયેલ ફરિયાદને પગલે આજે બગસરા મામલતદાર કચેરી ખાતે અરજદારો પોતે આવી કોઈ અરજીઓ કરેલ નથી તેવા નિવેદનો સાથે આવ્યા હતા અને મામલતદાર પાસે ખોટી અરજીઓ કરનાર સામે પગલાં લેવા માંગણી કરેલ છે.

બગસરા તાલુકામાં રાજકીય દ્વોષ ભાવનાના ભાગરૂપે અમુક રાજકીય પદાધિકારીઓ દ્વારા ખોટી રીતે ચૂંટણી કાર્ડ મંગાવી તેમનો દુરૂપયોગ કરી મતદાર યાદીમાંથી ૧૧૩૫ નામ કમી કરવા માટે અરજીઓ કરેલ હતી જે આગેવાનોના ધ્યાને આવતા વાત વાયુ વેગે મતદારો સુધી પહોંચી ગઈ હતી. પોતાના નામની ખોટી અરજીઓ થયેલ હોય અરજદારો પણ મામલતદાર કચેરીએ દોડી આવ્યા હતા. તેમજ આવી ખોટી અરજી કરનાર વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માટે મામલતદાર પાસે માગણી કરી હતી. જોકે આ બાબતે મામલતદાર દ્વારા કોઈપણ પ્રકારનો પ્રત્યુતર આપવાને બદલે અમે ખોટી અરજીઓ હશે તો તપાસ કરાવીશું તેવો નીરસ પ્રત્યુતર પાઠવ્યો હતો. ખોટી અરજીઓ કરી રાજકીય રીતે ખતરાગ ઉત્પન્ન કરવામાં ભાગ ભજવનાર તત્વોને ખુલ્લા પાડવામાં આવેતેવી કેતન રમેશભાઈ સાંગાણી તથા રમેશભાઈ સતાસિયા દ્વારા માંગણી કરેલ છે.

આ બાબતે મોટા મુંજાસનના કેતનભાઈ રમેશભાઈ સાંગાણીએ જણાવ્યું હતું કે મને મળેલ માહિતી મુજબ મારા નામે નવ વ્યકિતના નામ કમી કરવા માટે અરજી થયેલ છે મેં આજ દિન સુધી આવી કોઈ અરજી કરેલ નથી તો આ અરજીઓ ક્યાંથી આવી તેની તપાસ થવી જોઈએ.

મતદાર યાદીમાંથી સૌથી વધુ નામકમી કરવા માટે મોટા મુંજીયાસરના એક દેવીપુજક પરિવારના નામ પર અરજી ઓ આપવામાં આવેલ છે કિશોરભાઈ માથાસુરીયાનું સંપર્ક કરતા તેમણે ભાજપના એક હોદ્દેદારો દ્વારા તેમના પરિવારના ચૂંટણી કાર્ડના ફોટા મંગાવવામાં આવ્યા હતા તેમ જણાવ્યું હતું.

### દેશવાસીઓને નિરાશ કરતુ કેન્દ્રીય બજેટ

# કેન્દ્રીય બજેટ ખેડૂતો, યુવાનો, ગરીબો અને મધ્યમવર્ગ માટે છેતરપીંડી સમાન

## પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતા ડો. દોશીનુ નિવેદન

અમદાવાદ, તા. ૨

કેન્દ્રીય બજેટ અંગે પ્રતિક્રિયા આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો.મનીષ દોશીએ જણાવ્યું કે, છેલ્લા ૧૧ વર્ષથી સત્તામાં બેઠેલી ભાજપ સરકાર દ્વારા રજૂ કરાયેલું કેન્દ્રીય બજેટ દેશના ૧૪૦ કરોડ નાગરિકો માટે નિરાશાજનક છે. નાણામંત્રીના લગભગ ૯૦ મિનિટના બજેટ ભાષણમાં એકપણ યોજનામાં કેટલા નાણા ફાળવાયા, કઈ યોજનામાં વધારો થયો કે ઘટાડો થયો તેની કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. મોટી મોટી જાહેરાતો સાથે શરૂ થયેલ સ્કીલ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા જેવી મોટી યોજનાઓની સ્થિતિનો ઉલ્લેખ પણ બજેટમાં જોવા મળ્યો નથી.

અસમાનતા દેશની સૌથી મોટી સમસ્યા બની છે, ત્યારે આ બજેટ અમીર વધુ અમીર અને ગરીબ વધુ ગરીબ બની રહે તે પ્રકારે અસમાનતાઓમાં ઉમરો કરનારૂ છે. મધ્યમ વર્ગને ઈન્કમટેક્સમાં રાહતની આશા હતી, પરંતુ તે પણ નિષ્ફળ રહી છે. ગેસ, ડીઝલ અને પેટ્રોલ જેવી આવશ્યક ચીજવસ્તુઓમાં કોઈ રાહત ન મળતા લોકો પર મોંઘવારીનો બોજ યથાવત રહ્યો છે. શિક્ષણ, આરોગ્ય અને સંરક્ષણ ક્ષેત્રના ખર્ચમાં પણ સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. કિસાન, જવાન અને યુવાનો ત્રણે વર્ગો બજેટથી નિરાશ થયા છે. સરકાર ગેમ ચેન્જર નહીં પરંતુ નેમ ચેન્જર બની ગઈ છે.

આરોગ્ય, શિક્ષણ, સામાજિક કલ્યાણ, ખેતી, ગ્રામિણ તથા શહેરી વિકાસ જેવા ક્ષેત્રોમાં હજારો કરોડો રૂપિયા ઘટાડવામાં આવ્યા છે. જળ જીવન મિશન હેઠળ રૂ. ૫૦,૦૦૦ કરોડની ઘટાડો એ સમયે કરવામાં આવી છે જયારે દેશના અનેક વિસ્તારોમાં દૂષિત પીવાના પાણીથી લોકોનાં મૃત્યુ થઈ રહ્યા છે. વિશેષ રીતે એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. વર્ગો માટેની યોજનાઓમાં કરાયેલો ઘટાડો સામાજિક ન્યાય પર સીધો પ્રહાર છે. પોસ્ટ-મેટ્રિક સ્કોલરશીપ, આદિવાસી વિકાસ કાર્યક્રમો અને યુવાન વિદ્યાર્થીઓ માટેની સ્કોલરશીપમાં મોટો ઘટાડો કરી સરકાર પોતાની સાચી માનસિકતા જાહેર કરી રહી છે.

બેલગામ મોંઘવારી ઘટાડવા કોઈ જાહેરાત નહિ. ગરીબી / ભૂખમરામાં વધારો, તેની સામેની લડત માટે કોઈ નિતિ નહી. સતત અર્થવ્યવસ્થા પડી ભાંગી રહી છે, રૂપિયાનું સતત અવમૂલ્યન થઈ રહ્યું છે. મંદી – મોંઘવારી – મહામારી સામે સરકારની કોઈ નક્કર જાહેરાતનો બજેટમાં અભાવ જોવા મળે છે. ખેડૂત, ખેતી અને ગ્રામ્ય વિરોધી ભાજપા સરકારની નિતિ સમગ્ર બજેટમાં ફરી એક વખત સ્પષ્ટ જોવા મળી રહી છે. ભારત સરકારનું દેવામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. માર્ચ-૨૦૨૫માં રાષ્ટ્રીય દેવામાં અધધ વધારો થઈને ૨૫૦ લાખ કરોડનો આંકડો આંબી ગયું છે. જે ઘણી ચિંતાજનક બાબત છે.

મંદી, મોંઘવારી અને મહામારીમાં સપડાયેલા દેશના સામાન્ય કરોડો નાગરિકોને નવી તકો, નવી રાહતો આપવાનું તો દુર પણ તેઓની રોજગારી પુનઃ સ્થાપિત થાય તે માટે પણ કોઈ નક્કર નીતિ બજેટમાં જોવા મળતી નથી. સમગ્ર દ્રષ્ટીએ કેન્દ્રીય બજેટ કિસાન, જવાન, યુવાનનો સાથે ગરીબ, સામાન્ય, મધ્યમ વર્ગ અને નાના મધ્યમ ઉદ્યોગો સ્વરોજગારી માટે છેતરપીંડી સમાન છે.

### બગદાણા નવનીત બાલધિયા કેસ

# મહુવા કોર્ટે ૮ આરોપીઓના જામીન મંજૂર કર્યા, ૬ આરોપી હજુ જેલમાં

## આ કેસમાં કુલ ૧૪ આરોપીઓની ધરપકડ કરાઈ હતી

ભાવનગર, તા.૨

ભાવનગરના પ્રસિદ્ધ યાત્રાધામ બગદાણામાં સેવક નવનીત બાલધિયા પર થયેલા જીવલેણ હુમલાના કેસમાં આજે(૨ ફેબ્રુઆરી) એક મહત્ત્વના સમાચાર સામે આવી રહ્યા છે. આ કેસમાં મહુવા સેશન્સ કોર્ટે આજે સુનાવણી દરમિયાન આઠ આરોપીઓની જામીન અરજી મંજૂર કરી છે. જણાવી દઈએ કે, આ કેસમાં કુલ ૧૪ આરોપીઓની ધરપકડ કરાઈ હતી. ત્યારે હવે છ આરોપીઓ જેલ હવાલે છે, જ્યારે અન્ય આરોપીઓ જામીન પર મુક્ત થયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, નવનીત બાલધિયા કેસમાં SITની રચના થઈ છે. જેણે સઘન તપાસ હાથધરી છે.

બગદાણા હુમલા કેસમાં SIT અત્યાર સુધીમાં કુલ ૧૪ લોકોની ધરપકડ કરી છે. જેમાં જયરાજ આહીર ઉપરાંત નાજુ કામળિયા, રાજુ ભમ્મર, આતુ ભમ્મર, વિરેન્દ્ર પરમાર, સતીશ વનાળિયા, ભાવેશ સેલાળા, વીરુ સઈડા, પંકજ મેર, કાન કામલિયા, સંજય ચાવડા અને દિનેશ ઉર્ફે દાદુ સોંલંકી નામના આરોપીઓ છે. જેમાંથી ૮ આરોપીઓને કોર્ટે જામીન મુક્ત કર્યા છે જ્યારે જયરાજ આહીર સહિત અન્ય ૬ આરોપીઓ જેલમાં છે.

કયા કયા આરોપીઓને મળ્યા જામીન?

૧. આતુ ભમ્મર
૨. વેરુ શઈડા
૩. રાજુ દેવાયત ભમ્મર
૪. ભાવેશ ભગવાન ચેલાણા
૫. વિરેન્દ્ર જેરામ પરમાર
૬. પંકજ માવજી મેર
૭. સતીષ વનાળિયા
૮. ઉત્તમ બાંભણિયા

ડાયરામાં માયાભાઈએ યોગેશ સાગરને બગદાણા આશ્રમના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે સંબોધ્યા હતા. બગદાણાના નવનીત બાલધિયાએ માયાભાઈને ફોન કરીને આ વાતનું ખંડન કર્યું હતું કે આશ્રમમાં આવું કોઈ પદ નથી. માયાભાઈએ માફી માંગી વીડિયો આપ્યો હતો, બાલધિયાનો આક્ષેપ છે કે માયાભાઈએ માફી માંગી તે તેમના પુત્ર જયરાજને પસંદ નહોતી પડી અને તેના જ ઈશારે ષડયંત્ર રચાયું હતું. ૨૯ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ નવનીત બાલધિયા પર આઠ જેટલા શખ્સોએ પાઈપ અને ધોકાથી ઘાતક હુમલો કર્યો હતો.

મહત્વનું છે કે ૨૪ જાન્યુઆરીના રોજ જીૈંની તપાસ દરમિયાન આઈજી ઓફિસમાં બીજી વખત હાજર થયેલા માયાભાઈ આહીરના પુત્ર જયરાજની ધરપકડ કરવામાં આવી હતી. ૧૯ જાન્યુઆરી ૨૦૨૬ના ફરિયાદી નવનીત બાલધિયાનું નિવેદન લેવામાં આવ્યું હતું. જે બાદ ૨૧ અને બાદમાં ૨૪ જાન્યુઆરીએ જયરાજ આહીરની પૂછપરછ કરી ધરપકડ કરવામાં આવી હતી. નવનીત બાલધિયાની ફરિયાદ બાદ આરોપીઓના એકબીજા સાથેના મોબાઈલ સંપર્કો, લોકેશન તથા અન્ય વિગતોની SIT ટીમે તપાસ કરી હતી, નવનીત બાલધિયા પર જે હુમલો થયો છે તેમાં જયરાજ આહીરનો હાથ હોવાનું સામે આવ્યું હતું.ધરપકડ બાદ ૨૫ જાન્યુઆરીએ માયાભાઈ આહીરના પુત્ર જયરાજે જામીન અરજી મહુવા કોર્ટમાં મૂકી હતી જે કોર્ટે ફગાવી દીધી હતી. હાલ જયરાજ ભાવનગર જેલની હવા ખાઈ રહ્યો છે.

### વીજ કચેરીએ ધક્કા ખાઈને થાક્યા બાદ મંત્રી આવ્યા મદદે

# અંતે રાજયમંત્રી કૌશિક વેકરિયાના એક કોલથી હાલરીયા ગામનાં ખેડૂતને ન્યાય મળી ગયો

## તમામ જનપ્રતિનિધિ જનહિતનું વિચારે તો જનતાને થાય ફાયદો






ઉના, તા.૨

ઉના તાલુકાના મોટા ડેસર ગામે તાજેતરમાં ભવ્ય કોમ્યુનિટી હોલ (ચોરા)નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ લોકાર્પણ સમારોહમાં ગામના વડીલો, યુવાનો, મહિલાઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ ભક્તિભાવ અને આનંદમય માહોલ વચ્ચે સંપન્ન થયો હતો.

લોકાર્પણના પ્રસંગે સત્ય નારાયણ ભગવાનની કથા યોજાઈ હતી, જેમાં ગ્રામજનોએ ભક્તિપૂર્વક ભાગ લીધો હતો. આ સાથે નાના બાળકોને ભોજન કરાવવામાં આવ્યું હતું, જેથી આ પ્રસંગ સામાજિક એકતા અને સહભાગિતાનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યો. કાર્યક્રમ દરમિયાન ગામના આગેવાનો તથા દાતાઓનું સન્માન પણ કરવામાં આવ્યુ હતું.

નવનિર્મિત કોમ્યુનિટી હોલમાં આધુનિક અને સુવિધાસભર વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. તેમાં વિશાળ હોલ, અલગ રૂમો, સુવ્યવસ્થિત રસોડું તેમજ મહિલા અનેપુરૂષો માટે અલગ – અલગ વોશરૂમ અને ટોયલેટ જેવી જરૂરી સુવિધાઓનો સમાવેશ થાય છે. આ તમામ સુવિધાઓના કારણે હવે મોટા ડેસર ગામને સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે એક સઘન અને યોગ્ય સ્થળ ઉપલબ્ધ બન્યું છે.

આ કોમ્યુનિટી હોલના નિર્માણ માટે લોકસભાના સાંસદ શક્તિસિંહજી ગોહિલ દ્વારા ૮ લાખ રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવી હતી. આ ઉપરાંત આશરે ૧૭ લાખ રૂપિયાની રકમ મોટા ડેસર ગામના ગ્રામજનો દ્વારા લોકફાળો તેમજ દાતાઓના સહયોગથી એકત્રિત કરવામાં આવી હતી. ગ્રામજનોના સહકાર અને એકતાના પરિણામે આ મહત્વપૂર્ણ પ્રોજેકટ સફળતા પૂર્વક સાકાર થયો છે.

આગામી સમયમાં આ કોમ્યુનિટી હોલમાં સગાઈ, લગ્ન પ્રસંગ, બેઠક – મિટિંગ્સ, બેસણાં તેમજ અન્ય સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી શકાશે, જેના કારણે ગામના લોકોની સુવિધાઓમાં વધારો થશે. મોટા ડેસર ગામ માટે આ કોમ્યુનિટી હોલ ગ્રામ વિકાસ અને સામાજિક એકતાનું પ્રતીક બની રહ્યો છે.

### ૦ થી ૧૨ વર્ષનાં બાળકો માટે

# સાવરકુંડલા : શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર દ્વારા ''સુવર્ણ પ્રાશન'' કેમ્પ યોજાયો

## ૧૫૦ થી વધુ બાળકોએ લાભ લીધો





સાવરકુંડલા, તા. ૨

સાવરકુંડલા વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના ઘેલાણી નિવાસ હોલિસ્ટિક હેલ્થ કેર સેન્ટર દ્વારા સમાજની ભાવિ પેઢીના સ્વાસ્થ્ય વર્ધન માટે એક સ્તુત્ય પહેલ કરવામાં આવી છે. સંસ્થાના આયુર્વેદિક વિભાગ દ્વારા તાજેતરમાં નવજાત શિશુથી લઈને ૧૨ વર્ષ સુધીના બાળકો માટે 'સુવર્ણપ્રાશન સંસ્કાર' કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં આયુર્વેદિક તજજ્ઞ ડો. કોમલબેન કટારીયાના માર્ગદર્શન હેઠળ ૧૫૦થી વધુ બાળકોને સુવર્ણ પ્રાશનના ટીપા પીવડાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમની વિશેષતા એ રહી કે તમામ બાળકોને ભારતીય સંસ્કૃતિ અને આયુર્વેદિક પદ્ધતિ અનુસાર ચંદન તિલક કરીને આ પવિત્ર ઔષધિ ગ્રહણ કરાવવામાં આવી હતી.

સુવર્ણ પ્રાશન એ પ્રાચીન ભારતીય વિજ્ઞાનની અનમોલ ભેટ છે. ડોક્ટરોના જણાવ્યા અનુસાર, સુવર્ણ ભસ્મ અને વિશિષ્ટ જડીબુટ્ટીઓથી યુકત આ ટીપા પીવડાવવાથી બાળકોમાં રોગપ્રતિકારક શકિત (Immunity): કુદરતી રીતે વધે છે.

બૌદ્ધિક વિકાસ : સ્મરણશકિત અને ગ્રહણશકિત તેજ બને છે.

શારીરિક સ્વાસ્થ્ય : પાચનશકિત સુધરે છે અને શરીરની બાંધણી મજબૂત થાય છે. રક્ષણ : વારંવાર થતી શરદી, ઉધરસ અને તાવ જેવી બીમારીઓ સામે રક્ષણ મળે છે.

સામાન્ય રીતે ખૂબ જ કિંમતી ગણાતી આ આયુર્વેદિક ઔષધિ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર દ્વારા સંપૂર્ણ નિઃશુલ્ક પૂરી પાડવામાં આવી હતી. સાવરકુંડલા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના જાગૃત વાલીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આ સેવાનો લાભ લીધો હતો.

ટીમવર્કથી કેમ્પની સફળતા આ આયોજનને સફળ બનાવવામાં હોલિસ્ટિક હેલ્થ કેર સેન્ટરના સેવાભાવી સંચાલક કનુભાઈ ગેડિયા, મેડિકલ સુપ્રીટેન્ડન્ટ ડો. પ્રકાશ કટારીયા, અમિતભાઈ જોશી તેમજ હોસ્પિટલના તમામ સ્ટાફ મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી.

નોંધ : આ કેમ્પ હવે દર મહિને પુષ્ય નક્ષત્રના દિવસે નિયમિત રીતે યોજાશે. આગામી કેમ્પ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ યોજાનાર છે, જેનો લાભ લેવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### મણિપુરના રાજકારણમાં નવા જૂનીના એંધાણ

# મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન અંતની નજીક, NDAમાં દોડધામ શરૂ!

## મણિપુરના ૨૦થી વધુ ભાજપ ધારાસભ્યો પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વ સાથેની બેઠકમાં હાજરી આપવા માટે દિલ્હી પહોંચ્યા

મણિપુર, તા.૨

મણિપુરના ૨૦થી વધુ ભાજપ ધારાસભ્યો પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વ સાથેની બેઠકમાં હાજરી આપવા માટે દિલ્હી પહોંચ્યા છે. પાર્ટીના રાજ્ય એકમના પ્રમુખ પણ તેમની સાથે છે. મણિપુર ભાજપના પ્રમુખ અધિકારીમાયુમ શારદા દેવીએ જણાવ્યું કે, તમામ રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) ધારાસભ્યોને બોલાવવામાં આવ્યા છે. અમને આશા છે કે જનતાની સરકાર બનશે.પૂર્વ મુખ્યમંત્રી એન. બિરેન સિંહે કહ્યું, એનડીએના સાથી પક્ષોના તમામ ધારાસભ્યોને બેઠકમાં આમંત્રણ આપવામાં આવી રહ્યું હોવાથી, મને સકારાત્મક પરિણામની આશા છે. અગાઉ, ભાજપના તમામ ધારાસભ્યોની એક બેઠક યોજાઈ હતી. રાષ્ટ્રપતિ શાસન ૧૨મી ફેબ્રુઆરીએ સમાપ્ત થાય છે. અમને સકારાત્મક પરિણામની આશા છે.એન. બિરેનને પૂછવામાં આવ્યું કે જો તે સત્તામાં હોત તો પરિસ્થિતિ અલગ હોત, ત્યારે તેમણે કહ્યું, સરકાર એક ચાલુ પ્રક્રિયા છે. મેં મણિપુરમાં પરિસ્થિતિ બદલવા માટે મારા શ્રેષ્ઠ પ્રયાસો કર્યા. પહાડી અને ખીણ બંને વિસ્તારોમાં નોંધપાત્ર ફેરફારો થયા છે. લામસંગ મતવિસ્તારના ધારાસભ્ય એસ. રાજન સિંહે કહ્યું, સરકાર રચવાની શક્યતા છે. જોકે, રાજ્યની પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યા પછી કેન્દ્રીય નેતૃત્વ દ્વારા નેતાની પસંદગી કરવામાં આવશે. આ બેઠક સોમવારે સાંજે થવાની શક્યતા છે.ધારાસભ્ય એચ. ડિંગોએ જણાવ્યું હતું કે બેઠક સોમવારે સાંજે યોજાવાની છે, પરંતુ હજુ સુધી એજન્ડા જાહેર કરવામાં આવ્યો નથી. અમને આજે જ દિલ્હી પહોંચવાનું કહેવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છેકે, મે ૨૦૨૩થી મણિપુરમાં મૈતેઈ અને કુકી-ઝો જૂથો વચ્ચે વંશીય હિંસામાં ૨૬૦થી વધુ લોકો માર્યા ગયા છે અને હજારો લોકો વિસ્થાપિત થયા છે. ગયા વર્ષે ૧૩મી ફેબ્રુઆરીએ એન બિરેન સિંહે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યા બાદ કેન્દ્રએ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદ્યું હતું. રાજ્ય વિધાનસભા, જેનો કાર્યકાળ ૨૦૨૭માં સમાપ્ત થાય છે, તેને સ્થગિત કરવામાં આવી હતી. ૬૦ સભ્યોની મણિપુર વિધાનસભામાં ભાજપ પાસે ૩૭ ધારાસભ્યો છે. NDA સાથી NPP અને નાગા પીપલ્સ ફ્રન્ટ(NPF)ના રાજ્યમાં અનુક્રમે છ અને પાંચ ધારાસભ્યો છે.

### મોંટેશ્વરી માતાજીના યજ્ઞના આયોજન સાથે

# અમરેલી ખાતે શ્રી ચતુર્વેદી મચ્છુ કાઠીયા બ્રાહ્મણ જ્ઞાતી મંડળ દ્વારા પાટોત્સવ યોજાયો

### દાતાઓ અને શાસ્ત્રીનું સન્માન કરવામાં આવ્યું

અમરેલી, તા.૨

ચતુર્વેદી મચ્છુ કાઠીયા મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ મંડળ દ્વારા મા મોઢ ેશ્વરીનો પાટોત્સવ ધામધુમથી યોજાયો હતો.

જ્ઞાતિ મંડળ દ્વારા બાળ હનુમાન મંદિરે સવારે ૯ :૧૫ કલાકે માતાજીના યજ્ઞનું આયોજન કરવામાં આવે તેમાં શાસ્ત્રી મિતેશભાઈ પંડયાએ વૈદિક મંત્રોચાર દ્વારા ધાર્મિક વાતાવરણ નિર્માણ કરે તેમજ યજ્ઞ પૂજામાં ચિરાગભાઈ જોશી તથા રાજુલભાઈ પંડયા દંપત્તિ દ્વારા લાભ લઈ ધન્યતા અનુભવે



આ પ્રસંગે નિવૃત થતા શ્રીમતી માયાબેન જીતેન્દ્રભાઈ પંડયા (સાજીયાવદર ) દ્વારા ભોજન સમારંભના દાતા બનેલ તેમનું શાલ ઓઢાડી ને અને સન્માન કરવામાં આવેલ, તેમજ શાસ્ત્રીનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવે

કાર્યક્રમને સફળ બનાવવા માટે કિશોરભાઈ એલ.જોશી, પિયુષભાઈ ત્રિવેદી, સંજયભાઈ દવે, ઓમકાર ભાઈ ત્રિવેદી, અનિલકુમાર પંડયા અને સમગ્ર ટ્રસ્ટી ગણે ખૂબ જ મહેનત કરેલ.

યમાં બીડું હોમીયાબાદ સર્વે જ્ઞાતિજનોએ માતાજીનો ભોજન પ્રસાદ લઈ અને માતાજીના આશીર્વાદ સાથે છુટા પડેલ.

આ પ્રસંગે પ્રમુખ રાજેશભાઈ પંડયા તેમ જ ઉપપ્રમુખ રમેશભાઈ જે. પંડયા પણ ઉપસ્થિત રહેલા હતા.

### ધારાસભ્ય જનક તળાવીયાની રજુઆત બાદ

# લાઠીનાં કરકોલીયા ગામે રૂપિયા ૮૦ લાખનાં ખર્ચે સુવિધા પથ બનાવાશે

### ગ્રામજનોમાં ખુશીનો માહોલ ઉભો થયો

અમરેલી, તા.૨

લાઠી તાલુકાના કરકોલીયા ગામે લાંબા સમયથી પ્રજાજનોની મહત્વપૂર્ણ માંગ રહેલી આંતરિક માર્ગસુવિધા માટે રાજય સરકાર ધ્વારા રૂા. ૮૦ લાખના ખર્ચે સુવિધાપથ (સી.સી.રોડ) મંજૂર કરવામાં આવ્યો છે. આ મહત્વપૂર્ણ વિકાસ કાર્ય માટે સ્થાનિક ધારાસભ્ય જનક તળાવીયાની સતત રજૂઆત અને પ્રયત્નો ફળ્યા હોવાનું ગ્રામજનોમાં આનંદ અને સંતોષની લાગણી જોવા મળી રહી છે.



કરકોલીયા ગામે વસવાટ કરતા નાગરિકો, ખેડૂતો, વિદ્યાર્થીઓ તેમજ વેપારીઓને વર્ષોથી ખરાબ માર્ગોના કારણે અવરજવર કરવામાં ભારે મુશ્કેલી પડી રહી હતી. ખાસ કરીને વરસાદી ઋતુ દરમિયાન કાચા તથા જર્જરિત રસ્તાઓ કારણે રોજિંદી આવાગમન, શાળા–કોલેજ, આરોગ્ય સેવા તથા ખેતી સંબંધિત વાહન વ્યવહાર અસરગ્રસ્ત થતો હતો. આ સમસ્યાને ધ્યાનમાં રાખી ધારાસભ્ય જનક તળાવીયાએ સરકાર સમક્ષ વારંવાર રજૂઆત કરી હતી.ધારાસભ્યની સક્રિય આગેવાની અને વિકાસલક્ષી અભિગમના પરિણામે રાજય સરકારે રૂા. ૮૦ લાખના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજજ સી.સી.રોડને મંજૂરી આપી છે. આ માર્ગ બનવાથી ગામના આંતરિક રસ્તાઓ મજબૂત બનશે, ટ્રાફિક સુવ્યવસ્થિત થશે અને ગ્રામજનોને વર્ષો સુધી ટકાઉ અને સુરક્ષિત માર્ગ સુવિધા પ્રાપ્ત થશે.ધારાસભ્યએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, મારા વિસ્તારના દરેક ગામમાં મૂળભૂત સુવિધાઓ પહોંચે તે મારી પ્રથમ પ્રાથમિકતા છે. કરકોલીયા ગામે મંજૂર થયેલ આ સી.સી.રોડ ગામના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આવનારા સમયમાં પણ બાબરા તાલુકાના દરેક ગામના વિકાસ માટે હું સતત પ્રયત્નશીલ રહીશ.આ વિકાસ કાર્યથી કરકોલીયા ગામે પ્રગતિના નવા ધ્વાર ખુલશે અને ગ્રામ્ય જીવન વધુ સુખાકારી બનશે તેવો વિશ્વાસ સ્થાનિકોમાં વ્યકત થઈ રહ્યો છે.

### ગ્રામ વિકાસમાં એક વધુ મહત્વપૂર્ણ પગલું

# ઉના તાલુકાના મોટા ડેસર ગામે કોમ્યુનિટી હોલનું લોકાર્પણ કરાયું

### વડિલો–યુવાઓ સહિત સૌ ઉપસ્થિત રહ્યા

ઉના, તા.૨

ઉના તાલુકાના મોટા ડેસર ગામે તાજેતરમાં ભવ્ય કોમ્યુનિટી હોલ (ચોરા)નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ લોકાર્પણ સમારોહમાં ગામના વડીલો, યુવાનો, મહિલાઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ ભક્તિભાવ અને આનંદમય માહોલ વચ્ચે સંપન્ન થયો હતો.



લોકાર્પણના પ્રસંગે સત્ય નારાયણ ભગવાનની કથા યોજાઈ હતી, જેમાં ગ્રામજનોએ ભક્તિપૂર્વક ભાગ લીધો હતો. આ સાથે નાના બાળકોને ભોજન કરાવવામાં આવ્યું હતું, જેથી આ પ્રસંગ સામાજિક એકતા અને સહભાગિતાનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યો. કાર્યક્રમ દરમિયાન ગામના આગેવાનો તથા દાતાઓનું સન્માન પણ કરવામાં આવ્યુ હતું.

નવનિર્મિત કોમ્યુનિટી હોલમાં આધુનિક અને સુવિધાસભર વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. તેમાં વિશાળ હોલ, અલગ રૂમો, સુવ્યવસ્થિત રસોડું તેમજ મહિલા અનેપુરૂષો માટે અલગ – અલગ વોશરૂમ અને ટોયલેટ જેવી જરૂરી સુવિધાઓનો સમાવેશ થાય છે. આ તમામ સુવિધાઓના કારણે હવે મોટા ડેસર ગામને સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે એક સઘન અને યોગ્ય સ્થળ ઉપલબ્ધ બન્યું છે.

આ કોમ્યુનિટી હોલના નિર્માણ માટે લોકસભાના સાંસદ શક્તિસિંહજી ગોહિલ દ્વારા ૮ લાખ રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવી હતી. આ ઉપરાંત આશરે ૧૭ લાખ રૂપિયાની રકમ મોટા ડેસર ગામના ગ્રામજનો દ્વારા લોકફાળો તેમજ દાતાઓના સહયોગથી એકત્રિત કરવામાં આવી હતી. ગ્રામજનોના સહકાર અને એકતાના પરિણામે આ મહત્વપૂર્ણ પ્રોજેકટ સફળતા પૂર્વક સાકાર થયો છે.

આગામી સમયમાં આ કોમ્યુનિટી હોલમાં સગાઈ, લગ્ન પ્રસંગ, બેઠક – મિટિંગ્સ, બેસણાં તેમજ અન્ય સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી શકાશે, જેના કારણે ગામના લોકોની સુવિધાઓમાં વધારો થશે. મોટા ડેસર ગામ માટે આ કોમ્યુનિટી હોલ ગ્રામ વિકાસ અને સામાજિક એકતાનું પ્રતીક બની રહ્યો છે.

### મુસ્લિમ સમાજ દ્વારા કોમી એકતાના દર્શન

# બાબરા : ભંગડશાહ પીરના ઉર્ષ નિમિત્તે ૨૦ નવદંપતીઓની સમૂહ શાદી સંપન્ન

### હિન્દુ–મુસ્લિમ સમાજના અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિમાં નવા જીવનની શરૂઆત

બાબરા, તા. ૨

બાબરા સુન્ની મુસ્લિમ સમાજ દ્વારા તારીખ ૨૯/૧/૨૦૨૬ના રોજ એક ભવ્ય અને માનવતાવાદી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. હઝરત ભંગડશાહ પીરના ઉર્ષ મુબારકના પવિત્ર અવસરે ૨૦ મુસ્લિમ નવદંપતીઓ માટે ‘સમૂહ શાદી’ (સમૂહ લગ્ન)નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

આ પ્રસંગે બાબરા અને આસપાસના વિસ્તારના હિન્દુ તેમજ મુસ્લિમ સમાજના વિવિધ રાજકીય અને સામાજિક આગેવાનોએ ખાસ હાજરી આપી હતી. તમામ અગ્રણીઓએ નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા અને આ આયોજનને કોમી એકતા તેમજ સામાજિક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું હતું.

સમૂહ શાદીના આ આયોજનને સફળ બનાવવા માટે બાબરા સુન્ની મુસ્લિમ સમાજના કાર્યકરો અને યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી. ઉર્ષના પવિત્ર દિવસે યોજાયેલા આ સેવાકીય કાર્યની સમગ્ર પંથકમાં પ્રશંસા થઈ રહી છે.

# લીલીયા મોટા : સિપાઈ સમાજનાં પ્રમુખ પદ માટે ચૂંટણી યોજાઈ



લીલીયા મોટા, તા.૨

લીલીયા મોટા સિપાઈ સમાજના પ્રમુખ તરીકેના પદ માટે લોકશાહી ઢબે ચૂંટણી યોજવામાં આવેલ જેમાં લોકશાહી ઢબે ચૂંટણીનું સુંદર આયોજન સમાજના યુવાનો, વડીલો દ્વારા કરવામાં આવેલ જેમાં મતકુટીર, સિક્કો તેમજ સ્લીપ, બેલેટ પેપર અને હાજર મતદારની વિધિવત રીતે સહી કરી અને લોકશાહી ઢબે ચૂંટણી યોજવામાં આવી હતી ચૂંટણી સાંજના પાંચ કલાકે સિપાઈ સમાજની વાડી ખાતે યોજાઇ હતી જેમાં ઈનુસભાઈ, અલીભાઈ, બેલીમ એસટી ડ્રાઈવર તેમજ મુસ્તાક દિલાવરભાઈ બેલીમ દ્વારા ઉમેદવારી નોંધાવવામાં આવેલ હતી ત્યારે મુસ્તાક દિલાવરભાઈ બેલીમનું ચૂંટણી ચિન્હ બુલેટ તેમજ ઈનુસભાઈ અલીભાઈ બેલીમનું ચૂંટણી ચિન્હ બસ રાખવામાં આવેલ બંને ઉમેદવારો દ્વારા પોતાના સમર્થકોને મત આપવા માટે અપીલ પણ કરવામાં આવેલ હતી ત્યારે રાત્રિના ચૂંટણી પૂર્ણ થયા બાદ જુમ્મા મસ્જિદના પેશ ઈમામ તેમજ સૈયદ સાદાતો અને સમાજના યુવાનો, વડીલોની હાજરીમાં ચૂંટણી પૂર્ણ કરી અને મત ગણતરી કરવામાં આવેલ હતી જેમાં કુલ મતદારોની સંખ્યા ૩૧૯ હતી જેમાંથી ૨૩૪ મત પડેલ હતા ત્યારે મત ગણતરી માં ઈનુસભાઈ અલી ભાઈ બેલીમને ૪૯ તેમજ મુસ્તાક દિલાવરભાઈ બેલીમને ૧૮૫ મત મળેલ હોય ત્યારે સમાજના આગેવાનોની હાજરીમાં મુસ્તાક દિલાવરભાઈ બેલીમને ૧૩૬ મતે વિજેતા જાહેર કરેલ હતા વિજેતા નવનિયુક્ત લોકશાહી ઢબે ચૂંટાયેલા સિપાઈ સમાજના પ્રમુખ મુસ્તાક બેલીમને શુભકામનાઓ ધોધ વહેલ હતો અને સમર્થકો દ્વારા આતિશ બાજી કરી વિજેતા ઉમેદવારને ખંભે બેસાડી શુભ કામનાઓ પાઠવવામાં આવેલ હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### ગ્રામિણ વિકાસ, કૃષિ આવક વધારતુ વાર્ષિક બજેટ

# દેશમાં રજૂ થયેલ બજેટથી તમામ સમાજ, વ્યવસાયનો સર્વાંગી વિકાસ થશે : દિલીપ સંઘાણી

### સહકારી સંસ્થાઓને ૩ વર્ષ સુધી ડિવિડન્ડ પર મુકિત

અમરેલી, તા. ૨

વિશ્વના ટેરીફ વધારા સામે ભારતનાં વિકાસને અડીખમ બનાવતા અને દેશની ખેતી, ખેડૂતો, પશુપાલકો, સહકારીતા સહિત તમામ ક્ષેત્રે આત્મનિર્ભરથી સમૃધ્ધ બનાવતું સને ૨૦૨૬–૨૭નાં ઉર્જાવાન બજેટને આવકારતા રાષ્ટ્રિય સહકારી આગેવાન–ઈફકો, ગુજકોમાસોલના ચેરમેન દિલીપ સંઘાણીએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, નાણામંત્રી સીતારમણ સહિત કેન્દ્રની ભાજપ સરકારને અભિનંદન પાઠવતા જણાવેલ છે.તેઓએ વધુમાં જણાવેલ છે કે, આ એવુ બજેટ છે જેમાં તમામ સમાજ, વ્યવસાય અને વ્યવસ્થાપનનો સમાવેશ સાથે છેવાડાના આમઆદમી સુધી પહોંચવાનો, સૌને સાથે લઈ વિકાસ સાધવાનો અને આત્મનિર્ભર તરફ પ્રયાણનો પ્રયાસ ભરપૂર સમાયો છે. સંઘાણીએ જણાવ્યું હતું કે, બજેટ સર્વ જન હિતાય, સર્વ જન સુખાયના સંકલ્પને સાકાર કરતું બજેટ કૃષિ ક્ષેત્રે



એઆઈ આધારીત ડીજીટલ ક્રાંતિ વધુ વેગ આપશે. આ બજેટ સહકારીતા આંદોલનને નવી મજબુતી અધિસુચિત રાષ્ટ્રીય સહકારી સંસ્થાઓ માટે ત્રણ વર્ષ સુધી ડીવીડન્ડ મુકિત સહકારી સંસ્થાઓના વિકાસમાં અને આત્મનિર્ભરતામાં નવો પ્રાણ ફુકશે. તેમજ ખેડૂતોની આવક વધારવા, મત્સ્યોદ્યોગને વેગ આપવા, આદિવાસીઓને શિક્ષિત કરવા, સમાન કાનૂન વ્યવસ્થા, સમાજનો સર્વાંગી વિકાસ, બુઝર્ગોની સંભાળ, ઘરના ઘર સહિતની બાબતોને આવરી લેતા બજેટને રજુ કરવા બદલ દિલીપ સંઘાણીએ જનપ્રિય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, સહકારી મંત્રી અમિતભાઈ શાહ, નાણામંત્રી નિર્મલા સીતારમણ, કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણ સહિત કેન્દ્ર સરકારને અભિનંદન સાથે સર્વાંગી વિકાસને વરેલા સને ૨૦૨૬–૨૭નાં બજેટને હર્ષભેર આવકારેલ હોવાનું અખબારી યાદીમાં જણાવાયેલ છે.

### ધારાસભ્ય જનક તળાવીયાનું નિવેદન

# લાઠી : કેન્દ્રીય બજેટથી ગરીબો, યુવાઓ, નારી શકિત સૌને ફાયદો

### લોથલ, ધોળાવીરાનાં પ્રવાસન ક્ષેત્રે થશે વિકાસ

અમરેલી, તા. ૨

લાઠી–બાબરાના ધારાસભ્ય જનક તળાવીયાએ કેન્દ્રીય બજેટ ૨૦૨૬–૨૭ને આવકારતા જણાવ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નાણાંમંત્રી નિર્મલા સીતારામનજી ધ્વારા સતત નવમી વાર રજૂ થયેલું આ બજેટ રિફોર્મ એકસપ્રેસને આગળ ધપાવનારૂં છે. આ બજેટમાં ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ (GYAN) સહિત દિવ્યાંગજનોના સર્વાંગી વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે, જેનાથી ‘સૌનો સાથ સૌનો વિકાસ’નો મંત્ર સાકાર થશે. બજેટમાં એમ.એસ.એમ. ઈ. અને મેન્યુફેકચરિંગ સેકટરને અપાયેલા પ્રોત્સાહનોથી ગુજરાતના ઉદ્યોગોને મોટું બૂસ્ટ મળશે, જયારે સુરત સુધીના ફ્રેઈટ કોરિડોરથી લોજિસ્ટિકસ સેવાઓ વધુ ઝડપી બનશે. ટેકસટાઈલ સેકટરની ૬ યોજનાઓ, ત્રણ કેમિકલ પાકર્સ અને બાયોફાર્મા માટે ૧૦ હજાર કરોડની જોગવાઈનો સીધો લાભ ગુજરાતને મળશે. તે જ રીતે જામનગરના મેડિસિન સેન્ટરનું અપગ્રેડેશન અને



લોથલ– ધોળાવીરા જેવી વિરાસતોનો પ્રવાસન કલસ્ટરમાં સમાવેશ થવાથી રોજગારીની તકો વધશે. નાના શહેરોને ‘સિટી ઈકોનોમિક રિજીયન’ બનાવવાની જાહેરાત અને કરદાતાઓ માટે સજાના બદલે દંડની ઉદાર જોગવાઈઓ આ બજેટને ખરા અર્થમાં જનહિતલક્ષી બનાવે છે. સમગ્રતયા આ બજેટ વિકસિત ભારતના નિર્માણ માટેનું મજબૂત પગલું હોવાનું ધારાસભ્યએ ઉમેર્યું હતું.

# બાબરા : વાંકીયાની ફાયરિંગ બટની આજુબાજુ અવરજવર ન કરવી

અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના વાંકીયા ગામ સ્થિત ફાયરિંગ બટ ખાતે તા. ૨૭/૧/૨૦૨૬ થી તા.૧૫/૨/૨૦૨૬ સુધી પોલીસ કર્મચારીઓનું વાર્ષિક ૨૦૨૫ ફાયરિંગ પ્રેકિટસ થનાર હોય, આ સ્થિતિમાં ફાયરિંગ પ્રેકિટસના સમયગાળા દરમિયાન તકેદારીના ભાગરૂપે ગુજરાત પોલીસ અધિનિયમ– ૧૯૫૧ની કલમ–૩૩(૧) બી હેઠળ અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ધ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

બાબરા તાલુકાના વાંકીયા ગામના સરકારી પડતર રે.સ.નં ૬૦૧, હે.૩–૮૮–૬૩ ચો.મી વાળી જગ્યા ફાયરિંગ બટ માટેની મુકરર જગ્યાને તાર ફેન્સીંગ કરી તેની બાહ્ય સીમા નક્કી છે. તે મુજબ તે જગ્યાની ચારે તરફની બાહ્ય સીમાથી ૧૦૦ મીટરના અંતર સુધી રાહદારીઓની અવરજવર પર પ્રવેશબંધી છે. આ હુકમ તા. ૧૫/૨/૨૦૨૬ સુધી અમલી છે. આ હુકમ ભંગ કરનાર વિરૂધ્ધ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ –૧૩૧ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી થશે.

# ગોપાલગ્રામ ખાતે પૂ. શામજીબાપુના નિર્વાણ દિને બટુકભોજન કરાયું

અમરેલી, તા.૨

અમરેલી ખાતે કોળી શકિત યુવક મંડળ રાજયમંત્રી દ્વારા ૧૦ નવદંપતિઓનો ભવ્ય સમુહલગ્ન તા.૦૮/૦૨/૨૦૨૬ ના રોજ યોજાશે પરશોતમભાઈ સોલંકી અને ભુપતભાઈ એમ. ડાભી માધાંતા ગૃપ ગુજરત હાજરી આપશે.

આ સમુહલગ્ન સમારંભ પ્રમુખ વિમલભાઈ ચુડાસમા, ધારાસભ્ય ગીરસોમનથના પ્રમુખ સ્થાને યોજાશે તથા અમરેલી જિલ્લા કોળી સમાજના સરકારી અધિકારીઓ આગેવાન હાજર રહેશે. આ સમુહલગ્નને સફળ બનાવવા મંડળન પ્રમુખ રમેશભાઈ ગોહીલ, પરશોતમભાઈ એન. મકવાણા, ભીખુભાઈ પી.મકવાણા, રમેશભાઈ આર. ડાભી, ભાવેશભાઈ વાઘેલા–ખાનપર, શ્રીમતિ રતનેન રતીલાલ, આરતીન અર. ગોહીલ, જગદીશભાઈ ચાવડા, શંભુભાઈ માલકીયા, શંભુભાઈ મકવાણા ચરખડીયાએ જહેમત ઉઠાવી રહયા છે.

### આગામી ૨૫ ફેબ્રુઆરીના

# લીલીયા ખાતે તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ

### ૧૦ ફેબ્રુઆરીમાં પ્રશ્ન રજુ કરવા

અમરેલી, તા. ૨

લીલીયાનો ‘‘તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ’’ તા. ૨૫/૨/૨૦૨૬ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે મામલતદાર કચેરી લીલીયા ખાતે યોજાનાર છે તો તાલુકા કક્ષાના અધિકારવાળા સરકારી બાકી કામો માટે અરજદાર અંગત પ્રશ્ન રજુ કરવા માંગતા હોય તો મોડામાં મોડા તા. ૧૦/૨/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાક સુધીમાં રૂબરૂ અથવા તો પોસ્ટમાં મળી જાય તે રીતે મામલતદાર કચેરી લીલીયા ખાતે સ્વીકારવામાં આવશે. અરજીના મથાળે ‘‘તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ’’ અવશ્ય લખવું.

### તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત

# લીલીયા : પોલીસ દ્વારા કિંમતી સોનાની વીંટી મૂળ માલિકને પરત કરાઈ

### નિવૃત્ત અધિકારીએ પોલીસનો આભાર માન્યો

લીલીયા, તા. ૨

‘‘તેરા તુજકો અર્પણ’’ કાર્યક્રમ સાર્થક કરવા સુચના આપેલ હોય જે અન્વયે અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા મિલ્કત ગુમના બનાવોમાં સત્વરે મિલ્કત શોધી મુળ માલીકોને પરત કરવા તથા ‘‘તેરા તુજકો અર્પણ’’ કાર્યક્રમ સાર્થક લીલીયા પોલીસ સ્ટેશનના મિલ્કત ગુમની અરજીઓ અનુસંધાને લીલીયા પોલીસ ટીમ દ્વારા સઘન અભ્યાસ કરી ટેક્નીકલ સોર્સ તથા હ્યુમન સોર્સ તથા સી.સી.ટી.વી. કેમેરાની મદદથી ગુમ થયેલ મિલ્કત શોધી મુળ માલીકીને પરત કરી તેરા તુજકો અર્પણ કાર્યક્રમ સાર્થક કરવામાં આવેલ જેમાં અરજદાર માલીક



માવજીભાઈ રવજીભાઈ લહેરી (ઉ.વ. ૮૭) રહે. લીલીયા મોટાની ૧૦ ગ્રામની સોનાની વીંટી તા. ૨/૨/૨૦૨૬ના રોજ લીલીયા મોટા પોતાના ઘરની બહાર શેરીમા સાફ સફાઈ કરતા હોય તે દરમ્યાન હાથમાથી શેરીમા પડી જતા ગુમ થયેલ હોય જે સોનાની વીંટી આશરે કિ. રૂા.૧,૫૦,૦૦૦/–ની હોય જે સોનાની વીંટી શોધી મુળ માલીકને પરત કરાતા વીટી માલિક લીલીયા પોલીસનો આભાર વ્યકત કરવામાં આવેલ હતો.

# સાવરકુંડલામાં વિસરાતી જતી મેદાની રમતોનો ગુંજારવ, ૧૦૦૦થી વધુ બાળકોએ રમતોત્સવમાં લીધો ભાગ









આજના આધુનિક અને ડિજિટલ યુગમાં જ્યારે મેદાની રમતો વિસરાઈ રહી છે, ત્યારે નવી પેઢીમાં રમતગમત પ્રત્યે રૂચિ જાગે તેવા ઉમદા હેતુ સાથે સાવરકુંડલામાં એક અનોખો રમતોત્સવ યોજાયો હતો. કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિરના શતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં કન્વીનર કેતનભાઈ ખુમાણના નેતૃત્વ હેઠળ અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ વ્યાયામ મંદિરના પ્રાંગણમાં ધામધૂમથી ઉજવાયો હતો. બાળકોમાં અનેરો ઉત્સાહ : આ રમતોત્સવમાં સાવરકુંડલા શહેરની સરકારી પ્રાથમિક શાળાઓના ધોરણ ૧ થી ૫ના ૧૦૦૦થી વધુ વિદ્યાર્થી– વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે વિઘ્ન દોડ, લીંબુ ચમચી, કોથળા દોડ અને સંગીત ખુરશી જેવી પરંપરાગત રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્યએ લીલી ઝંડી આપી સ્પર્ધાઓનો પ્રારંભ કરાવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સૂચન કર્યુ હતું કે, આવી રમતો શિક્ષણનો અભિન્ન ભાગ બનવી જોઈએ. સાથે જ તેમણે ભારતીય સંસ્કૃતિની ઓળખ સમા યોગ અને સૂર્ય નમસ્કારના દાવ પણ કરાવવા પર ભાર મૂકયો હતો. તેમણે શહેરના વિકાસના પ્રતીક સમાન 'સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ' અને 'અટલ સરોવર'ની મુલાકાત સરકારી શાળાના બાળકો લે તે માટે જરૂરી સહકાર આપવાની પ્રતિબદ્ધતા પણ દર્શાવી હતી. વ્યાયામ મંદિરના વિનુભાઈ રાવળે જાહેરાત કરી હતી કે સંસ્થા દ્વારા ટૂંક સમયમાં કાયમી યોગ સેન્ટર શરૂ કરવામાં આવશે. જો સરકારી શાળાઓ બાળકોને વિકાસ પ્રોજેક્ટ્સ બતાવવાનું આયોજન કરશે, તો સંસ્થા દ્વારા બસની વ્યવસ્થા પૂરી પાડવામાં આવશે. એવું વિનુભાઈ રાવળ દ્વારા જાહેર વકતવ્યમાં કહેવામાં આવેલ. કન્વીનર કેતનભાઈ ખુમાણે આગામી સમયમાં ૫૦ વર્ષથી વધુ ઉંમરના વડીલો માટે પણ આવો જ રમતોત્સવ યોજવાનો નિર્ધાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમના પ્રારંભે પ્રમુખ પ્રવિણભાઈ પારેખ દ્વારા તમામ અતિથિઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દીપકભાઈ માલાણી, મેહુલભાઈ ત્રિવેદી, અનિરૂધ્ધસિંહ રાઠોડ, પ્રવીણભાઈ સાવજ, શરદભાઈ પંડ્યા, રાજુભાઈ નાગ્રેચા, મોહિતભાઈ સુદાણી સહિત અનેક અગ્રણીઓ અને મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે વ્યાયામ મંદિરના ટ્રસ્ટીઓ પ્રવિણભાઈ પારેખ, દીપકભાઈ શેઠ, વિનુભાઈ રાવળ, મુકુંદભાઈ નાગ્રેચા તથા ગુણવંતભાઈ ત્રિવેદી સમેત તમામ કર્મચારીગણે ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કેતનભાઈ ખુમાણ કન્વીનર શ્રી દ્વારા કરવામાં આવ્યું હતું સમગ્ર કાર્યક્રમે શહેરમાં એક અનોખી ભાત પાડનાર સાબિત થયેલ. વિદ્યા જગતમાં નાના ભૂલકાઓ પણ શારીરિક, બૌધ્ધિક અને આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરે તો ભારતને વિશ્વગુરૂ બનતા કોણ રોકી શકે ??

પાના ૧ ઉપરનું ચાલું **૧૧ સિંહોનું ટોળુ જોવા મળ્યુ**

આવા સિંહ પરિવાર વાહન અકસ્માતનો ભોગ ના બને તે માટે આવા સિંહ પરિવારની સલામતી માટે તેમના ઉપર સતત નજર રાખવા માટે ખાસ ટુકડી બનાવી આવા સિંહ પરિવારની પાછળ ફરે છે. જેથી કોઈ લોકો સિંહ પરિવારને પરેશાન ના કરે અથવા તો અકસ્માતનો ભોગ ના બને તેની જીણવટ રાખવામાં આવે છે.

અમરેલી જિલ્લાનાં ગીરકાંઠાના ધારી તાલુકામાં અનેક સિંહ પરિવાર વસતો હોય ત્યારે આજે ધારી–અમરેલી સ્ટેટ હાઈવે ઉપર છતડીયા ગામ નજીક એકી સાથે૧૧ સિંહોનું ટોળું નીકળ્યું હતું અને આ સ્ટેટ હાઈવે પર ૧૧ સિંહોનું ટોળું રોડ ઓળંગી રહયું હતું.

ત્યારે આ માર્ગ ઉપર સતત વાહન વ્યવહાર રહેતો હોય અને કોઈ વાહન ચાલક આ સિંહ પરિવાર સાથે અકસ્માત કરી ના બેસે તે માટે થઈ અને સિંહ પરિવાર આ માર્ગ સહી સલામત રીતે ધારી ગીર વનવિભાગના કર્મીઓ દ્વારા આ માર્ગ ઉપર વાહન વ્યવહાર થંભાવી દઈ અને આ સિંહ પરિવારને માર્ગ ઓળંગવામાં સહાયરૂપ બન્યાં હતાં.

બાદમાં આ ૧૧ સિંહ પરિવાર રોડ ઓળંગી ગયા બાદ આ માર્ગ ઉપર વાહન વ્યવહાર ચાલુ કરાવ્યો હતો. આમ સિંહ પરિવાર સાથે વાહન અસ્કામત ના સર્જાય તેવી કાળજી રાખતો અને સિંહ પરિવારને રોડ ઓળંગવા માટે મદદરૂપ થતાં વનકર્મીઓનો વીડિયો પણ સોશ્યલ મીડિયામાં વાયરલ થવા પામેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૦૦ | ૧૫૭૦ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૨૭૫ | ૧૬૨૫ |
| ૩ | શિંગ મોટી | ૧૨૭૦ | ૧૫૭૫ |
| ૪ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૮૫૦ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૪૫૫ | ૧૯૩૦ |
| ૬ | તલ સફેદ | ૧૦૯૦ | ૨૨૦૦ |
| ૭ | તલ કાળા | ૨૦૦૦ | ૪૪૦૦ |
| ૮ | બાજરો | ૩૩૦ | ૬૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૫૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૪૫ |
| ૧૧ | અડદ | ૭૦૦ | ૧૧૫૦ |
| ૧૨ | ચણા | ૭૦૦ | ૧૧૧૫ |
| ૧૩ | સફેદ ચણા | ૯૪૦ | ૧૦૦૦ |
| ૧૪ | તુવેર | ૮૪૦ | ૧૬૭૦ |
| ૧૫ | કપાસ | ૧૦૪૦ | ૧૬૩૫ |
| ૧૬ | એરંડા | ૧૦૮૦ | ૧૨૭૦ |
| ૧૭ | જીરૂ | ૩૨૦૦ | ૪૧૨૦ |
| ૧૮ | ધાણી | ૧૪૭૫ | ૨૦૪૦ |
| ૧૯ | સોયાબીન | ૯૪૫ | ૧૦૯૫ |
| ૨૦ | મરચા લાંબા | ૧૫૧૦ | ૭૦૯૦ |
| ૨૧ | વરીયાળી | ૧૪૪૦ | ૧૪૪૦ |
| ૨૨ | કાંગ | ૪૮૦ | ૪૮૦ |
| ૨૩ | નવી ધાણી | ૧૨૦૦ | ૨૦૩૦ |

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીની આવકાર સોસાયટીમાં**

એકસંપ થઈ સમાન ઈરાદો પાર પાડવા સારૂ લોખંડનો પાઈપ તથા અન્ય આરોપીઓએ યુવતી તથા તેણીની માતાને વાયર તથા લોખંડના પાઈપ વડે માર મારી તેણીને પછાડી ટી–શર્ટ ફાડી નાખી અને તેણીના ભાઈને પણ પછાડી દઈ પાઈપ વડે માર મારી ઈજા કરી હતી. જયારે આરોપીઓએ યુવતીને ઢ સડેલ તેમજ તેણીનાં શરીરે અડપલા કરી તમામ આરોપીઓએ તમને જીવતા રહેવા દેવા નથી તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી ગાળો આપી હતી. બાદમાં તેણી તથા તેમની માતા અમરેલી સિવિલ હોસ્પિટલના ટ્રોમાં સેન્ટરમાં સારવાર માટે દાખલ થયેલ હોય ત્યારે કોઈ અજાણ્યા આરોપીઓએ જેમ ફાવે તેમ ગાળો આપી તેણીના માતાને ડાબા ગાલ પર જાપટ મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની યુવતીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

તો આ જ બનાવમાં સામાપક્ષે મહેશભાઈ જગાભાઈ ચાવડા નામનાં આધેડે ફરિયાદમાં જણાવેલ છે કે, તે તથા તેમના ભાઈ ત્યાંથી ટીફીન લઈને પોતાના ઘરે જતા હતા ત્યારે શેરીના કુતરાઓ તેમની પાછળ દોડેલ હતા. જેથી તેમણે કુતરા ભગાડવા વાયર કાઢેલ હતો. ત્યારે આરોપી આશરે પચ્ચીસ વર્ષનો દાઢીવાળો મજબુત બાંધાનો યુવકે કહેલ કે હું બેઠો હોય ત્યાં સુધી કુતરાઓને ભગાડાય પણ નહી તેમ કહેલ. બાદમાં આધેડ તેમનુ ટીફીન ઘરે મુકી ફરીવાર કુતરાઓ ભગાડવા માટે જતા આરોપી ફોરવ્હીલ લઈ આવી અને ફોરવ્હીલમાંથી ધોકો કાઢી આધેડને ગાળો આપી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી તમારો ઈલાજ કરવો પડશે તેમ કહી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી આધેડને પછાડી દીધેલ અને તેમના દીકરાને ધોકા વડે માર મારેલ અને આધેડ વચ્ચે પડતા તેમને માથામાં ધોકો મારી ઈજા કરેલ હતી અને અન્ય ત્રણ આરોપીઓએ આધેડના પત્નિના વાળ પકડી શેરીમાં પછાડી દઈ ઢીકાપાટુનો તથા પેટમા પાટુ મારી માર મારી મુંઢ ઈજાઓ કર્યાની સામી પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૫૦ | ૧૫૫૦ |
| ૨ | શીંગ મોટી | ૧૩૫૦ | ૧૫૮૦ |
| ૩ | તલ સફેદ | ૧૬૬૧ | ૨૧૨૦ |
| ૪ | તલ કાળા | ૨૭૭૫ | ૩૬૦૦ |
| ૫ | જીરૂ | ૪૦૦૦ | ૪૨૧૫ |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૫૮૬ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૮ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૧૫ | ૫૮૫ |
| ૯ | બાજરો | ૩૮૦ | ૬૦૭ |
| ૧૦ | જુવાર | ૬૦૦ | ૧૧૫૦ |
| ૧૧ | અડદ | ૯૦૦ | ૧૪૦૦ |
| ૧૨ | ચણા | ૯૩૦ | ૧૧૨૦ |
| ૧૩ | તુવેર | ૧૨૫૦ | ૧૬૫૬ |
| ૧૪ | એરંડી | ૧૦૦૦ | ૧૧૮૦ |
| ૧૫ | ધાણા | ૧૧૦૦ | ૧૮૨૦ |
| ૧૬ | સોયાબીન | ૯૫૦ | ૧૦૮૨ |
| ૧૭ | કળથી | ૪૦૦ | ૬૦૫ |

પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલામાં સુવિધાયુકત "શાકમાર્કેટ"**

કારણે આજે આ ઈમારતો ખાલીખમ ખંડેર જેવી હાલતમાં ઉભી છે. આ નિષ્ફળતામાંથી બોધપાઠ લઈને હવે શહેરના મધ્ય ભાગમાં, જયાં લોકોની અવરજવર વધુ હોય ત્યાં એક કેન્દ્રીય શાકમાર્કેટ બનાવવાની માંગ પ્રબળ બની છે.હાલ નાવલી નદી પર કરોડોના ખર્ચે રિવરફ્રન્ટનું નિર્માણ થઈ રહ્યું છે અને નર્મદાની પાઈપલાઈન દ્વારા નદીને પુનઃ જીવિત કરવાના પ્રયાસો થઈ રહ્યા છે, જે આવકારદાયક છે. પરંતુ આ આધુનિકીકરણની વચ્ચે શાકમાર્કેટ જેવા લોકઉપયોગી સ્થળ માટે કોઈ સુવિધા કે સ્થળાંતરનું આયોજન દૂર–દૂર સુધી દેખાતું નથી.

'શાકમાર્કેટ એ એવી જગ્યા છે જયાં અમીર હોય કે ગરીબ, દરેક નાગરિકે રોજ મુલાકાત લેવી પડે છે. આ શહેરના હાર્દ સમાન વિસ્તારમાં જો સુવિધા ન હોય તો વિકાસ અધૂરો ગણાય.'

શહેરના સ્માર્ટ જીઆઈડીસી અને સ્પોર્ટ્સ કોમ્પ્લેકસ જેવા પ્રોજેકટ્સ બાદ હવે જનતાની મીટ ધારાસભ્ય પર મંડાયેલી છે. કોર્ટના ટેકનિકલ નિર્ણયોની રાહ જોયા વગર, વહીવટી તંત્ર સાથે સંકલન સાધીને શહેરને એક આધુનિક અને સુવિધાયુકત શાકમાર્કેટ અપાવવા માટે ધારાસભ્ય કમર કસે તે સમયની માંગ છે.

સાવરકુંડલાની અસ્મિતા અને નાવલીની સોડમને બરકરાર રાખવા માટે એક સુવ્યવસ્થિત શાકમાર્કેટ હવે અનિવાર્ય બની ગઈ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૦ | ૧૬૭૪ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૬૦ | ૧૩૯૦ |
| ૩ | મગફળી | ૧૧૪૫ | ૧૫૧૫ |
| ૪ | તલ સફેદ | ૧૬૧૦ | ૧૮૬૦ |
| ૫ | જીરૂ | ૩૧૧૦ | ૪૩૦૦ |
| ૬ | ઘઉં | ૪૭૫ | ૫૦૫ |
| ૭ | ચણા | ૯૦૫ | ૧૦૭૫ |
| ૮ | તુવેર | ૯૨૦ | ૧૪૬૦ |
| ૯ | ધાણા નવા | ૯૧૫ | ૧૪૫૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૩૨ |
| ૨ | ઘઉં લોકવન | ૪૭૪ | ૫૨૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૩૦ |
| ૪ | ચણા | ૧૦૦૦ | ૧૦૪૦ |
| ૫ | ધાણા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ૬ | જુવાર | ૧૦૨૦ | ૧૦૨૦ |
| ૭ | સોયાબીન | ૮૫૦ | ૧૦૭૨ |
| ૮ | મગફળી | ૧૦૨૫ | ૧૪૦૦ |
| ૯ | તુવેર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૧૮૦ | ૧૬૨૦ |
| ૧૧ | લસણ | ૩૦૦ | ૭૨૦ |
| ૧૨ | અડદ | ૭૦૦ | ૭૦૦ |


**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, વિસાવદરની કોર્ટમાં//**

નં.એમએજી/કેસ નં.૧૨/૨૦૨૬ તા.૨૭/૦૧/૨૦૨૬

**અરજદારશ્રી :** શ્રી જયસુખપરી મંછાપરી ગોસાઈ
રહે.વેકરીયા, તા. વિસાવદર, જિ. જુનાગઢ **// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. જન્મ–મરણ રજીસ્ટ્રાર, અને તલાટી કમ મંત્રીશ્રી, વેકરીયા, તા. વિસાવદર જિ. જુનાગઢ

**જાહેર નોટિસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી **જયસુખપરી મંછાપરી ગોસાઈ રહે. વેકરીયા, તા. વિસાવદર, જી. જુનાગઢ એ તેમનો જન્મ તા. ૩૧/૦૫/૧૯૬૫ના રોજ** વિસાવદર તાલુકાના વેકરીયા ગામ મુકામે થયેલ છે. જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, વેકરીયા, તા. વિસાવદર, જી. જુનાગઢ ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન–૩૦માં વાંધા રજુ આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તા. ૨૭ મી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

**તૈયાર કરનાર**
**(પી.વી. શિંગડીયા)**
**નાયબ મામલતદાર**
**વિસાવદર**

**સિકકો**

**હુકમથી**
**(આર.એન. ખોડભાયા)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**વિસાવદર**


## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૪૦ | ૧૫૦૦ |
| ૨ | મગફળી | ૧૧૦૦ | ૧૩૭૫ |
| ૩ | ઘઉં | ૪૭૬ | ૫૧૦ |
| ૪ | તુવેર | ૧૧૪૦ | ૧૪૯૦ |
| ૫ | ધાણા | ૧૫૧૦ | ૧૫૧૦ |
| ૬ | શીંગદાણા | ૧૩૦૦ | ૧૫૫૦ |
| ૭ | શીંગ ફાડા | ૧૪૭૦ | ૧૫૭૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૨૫ | ૧૪૮૦ |
| ૨ | તલ સફેદ | ૧૭૧૭ | ૧૮૧૮ |
| ૩ | તલ પીળા | ૨૦૫૦ | ૨૦૫૦ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૬૩૦ |
| ૫ | બાજરો | ૩૫૦ | ૫૩૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૧ | ૫૭૬ |
| ૭ | જુવાર | ૭૨૧ | ૧૧૫૧ |
| ૮ | મગ | ૮૧૦ | ૧૯૨૦ |
| ૯ | મઠ | ૯૫૦ | ૧૧૩૧ |
| ૧૦ | અડદ | ૧૧૫૧ | ૧૬૨૫ |
| ૧૧ | તુવેર | ૧૨૧૨ | ૧૫૯૧ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૧૩ | જીરૂ | ૨૬૨૬ | ૨૬૨૬ |
| ૧૪ | એરંડી | ૧૦૫૦ | ૧૨૦૯ |
| ૧૫ | સોયાબીન | ૭૯૧ | ૧૦૫૧ |

# અમરેલી ખાતે ગુજરાત ટાઈટન્સે જુનિયર ટાઈટન્સનું કર્યુ આયોજન







અમરેલી, ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ ગુજરાત ટાઈટન્સ ધ્વારા અમરેલીના એસ.એચ.ગજેરા કેમ્પસ –વિદ્યાસભા ખાતે જુનિયર ટાઈટન્સની ત્રીજી આવૃત્તિના અમરેલીના તબક્કાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અમરેલીની ૨૦ સરકારી અને ખાનગી શાળાઓનું પ્રતિનિધિત્વ કરતા ૧૪ વર્ષથી ઓછી વયના ૧૧૦૦ બાળકોએ ભાગ લીધો હતો. આ એક દિવસીય કાર્યક્રમમાં વિવિધ મનોરંજક, પ્રવૃત્તિ–આધારિત સત્રોનો સમાવેશ થતો હતો, જેનો હેતુ પાયાના સ્તરે આઉટડોર રમતો અને શારીરિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાનો હતો. એક બિન–સ્પર્ધાત્મક પ્લેટફોર્મ તરીકે કલ્પિત, આ પહેલ આત્મવિશ્વાસ, ટીમવર્ક અને ફિટનેસની સકારાત્મક ટેવોનુ નિર્માણ કરવાની સાથે બાળકોને આઉટડોર રમતોની મજા માણવા માટે પ્રોત્સાહિત કરે છે. જુનિયર ટાઈટન્સ ગુજરાત ટાઈટન્સ માટે એક પાયાના સ્તરની પહેલ બની ગઈ છે, જેની પ્રથમ બે આવૃત્તિ સાથે ગુજરાત ભરમાં ૧૦,૦૦૦થી વધુ બાળકોને જોડાયા છે. 'લેટસ સ્પોર્ટ આઉટ!' ની ફિલસૂફીને સાકાર કરતો આ કાર્યક્રમ ભાગીદારી અને સમાવેશ પર ભાર મૂકે છે, તેમજ અમદાવાદની બહારના સમુદાયો સાથે ફ્રેન્ચાઈઝના જોડાણને મજબૂત બનાવે છે. ગુજરાત ટાઈટન્સના ચીફ ઓપરેટિંગ ઓફિસર કર્નલ અરવિંદર સિંહે જણાવ્યું હતું કે, સુરેન્દ્રનગર અને મોરબીમાં મળેલા પ્રોત્સાહક પ્રતિસાદ બાદ, અમરેલીના બાળકો અને શાળાઓ તરફથી આવો જ ઉત્સાહ જોઈને આનંદ થયો. તમામ શહેરોમાં ભાગીદારીમાં જોવા મળેલી સાતત્યપૂર્ણ ભાગીદારી જુનિયર ટાઈટન્સના વધતા જતા પ્રભાવ અને સમગ્ર ગુજરાતમાં સમુદાયોના રમત–ગમત સાથેના મજબૂત જોડાણને ઉજાગર કરે છે. આ પહેલના માધ્યમથી અમારો હેતુ અમારા જોડાણને વધુ ગાઢ બનાવવાની સાથોસાથ રાજયભરમાં કાયમી સ્પોર્ટીંગ કલ્ચરને વિકસાવવામાં મદદ કરવાની સાથે બાળકોને મનોરંજક અને સમાવિષ્ટ અનુભવો ધ્વારા સક્રિય લાઈફસ્ટાઈલ અપનાવવા માટે પ્રેરણા આપવાનો છે. અમરેલીની ઈવેન્ટ આ વર્ષે જુનિયર ટાઈટન્સની સફરનો ત્રીજો પડાવ હતી. આ પહેલ આગામી ૭ ફેબ્રુઆરીએ આણંદમાં યોજાશે અને પછી ૧૪ ફેબ્રુઆરીએ અમદાવાદમાં અંતિમ તબક્કા સાથે સમાપ્ત થશે.

# અમરેલી : ઉર્જા રાજયમંત્રી વેકરીયાએ જિલ્લાકક્ષાનાં એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલની મુલાકાત લીધી






અમરેલી ખાતે ઉર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે આયોજિત જિલ્લાકક્ષા એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ–૨૦૨૬માં મુલાકાત લીધી હતી. ઉલ્લેખનીય છે કે, એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલમાં જિલ્લાના ઉત્કૃષ્ટ અને શ્રેષ્ઠ શિક્ષકોએ પોતાના વિવિધ યુનિક ઈનોવેશનને પ્રદર્શિત કર્યા હતા. આ ઈનોવેશનની મદદથી આંગણવાડીથી ઉચ્ચત્તર માપ્રયમિક શાળામાં લર્નિંગ સરળ બન્યું છે. આ ઈનોવેશન ફેસ્ટિવલમાં શિક્ષણમાં કંઈક અલગ રીતે અને અલગ પ્રકારે બાળકોને સરળતા થાય અને બાળકો સરળતાથી શીખી શકે તે માટે અને તેમાં મદદ કરતા વિવિધ ઈનોવેશન જેમ કે, વેસ્ટ ટુ બેસ્ટ, વાર્તાવૈભવ, રમતા જોગી, ગાણિતિક રમતો, પસ્તી બન્યું પુસ્તક, પર્યાવરણની જાળવણી, પ્રવૃત્તિથી પ્રગતિ, ઈઝી અંગ્રેજી, શોર્ટકટ મેથ્સ ટ્રીક સહિતના વિવિધ ઈનોવેશન પ્રસ્તુત કરવામાં આવ્યા છે. એક પ્રકારે આ તમામ પ્રકારના વિવિધ ઈનોવેશનની મદદથી આંગણવાડીથી ઉચ્ચત્તર માપ્રયમિક શિક્ષામાં ધરખમ પરિવર્તન આવ્યું છે. સાથે શિક્ષણમાં ક્રાંતિ આવી છે. જિલ્લાકક્ષા એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ–૨૦૨૬માં રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાની મુલાકાત વેળાએ જિલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ પાથર, સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સ્થાનિક પોલીસ સ્ટેશન દ્વારા આયોજન

## બાબરા : જામબરવાળા ખાતે વિદ્યાલયમાં ‘સ્પર્શની સમજ’ આપતો કાર્યક્રમ યોજાયો

### ડો. કિરણબેન ગેડીયા દ્વારા માર્ગદર્શન અપાયું

બાબરા, તા.૨

બાબરા તાલુકાના જામબરવાળા ગામે આવેલ વી.એન.પટેલ કલ્યાણ વિદ્યાલય ખાતે બાબરા પોલીસ સ્ટેશન દ્વારા ‘સુરક્ષા સેતુ’ પ્રોજેકટ અંતર્ગત એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને સુરક્ષા અને સ્વ–બચાવના ભાગરૂપે ‘ સ્પર્શની સમજ’(Good Touch-Bad Touch) વિષય પર વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં બાબરાના પોલીસ ઈન્સ્પેકટર (PI) તેમજ પોલીસ સ્ટાફ ખાસ ઉપસ્થિત રહ્યો હતો. વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા માટે એક વિશેષ શોર્ટ ફિલ્મ દર્શાવવામાં આવી હતી, જેના દ્વારા ખૂબ જ સરળ શૈલીમાં કયો સ્પર્શ સુરક્ષિત છે અને કયો અસુરક્ષિત, તે વિશે સમજણ આપવામાં આવી હતી.




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

કાર્યક્રમ દરમિયાન પી.આઈ.એ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં બાળકોએ પોતાની સુરક્ષા પ્રત્યે સજાગ રહેવું અત્યંત અનિવાર્ય છે. કોઈપણ અઘટિત ઘટના સમયે ગભરાવાને બદલે હિંમતપૂર્વક અવાજ ઉઠાવવા અને વાલી કે શિક્ષકને જાણ કરવા માટે તેમણે પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના આચાર્ય દ્વારા ઉપસ્થિત તમામ પોલીસ અધિકારીઓ અને મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે પોલીસ વિભાગના આ અભિગમને બિરદાવતા જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમોથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે છે અને તેઓ ભયમુક્ત બની શકે છે.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો હાજર રહ્યા હતા.કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ પોતાની મૂંઝવણો અંગે પ્રશ્નો પૂછયા હતા, જેનું પોલીસ સ્ટાફ દ્વારા સંતોષકારક નિરાકરણ લાવવામાં આવ્યું હતું.

## રાજકોટ : રઘુવંશી સમાજનાં સેવક મનુભાઈ મીરાણીનો આજે જન્મદિન

અમરેલી, તા. ૨



લોહાણા સમાજનાં લગ્નોત્સુક યુવક–યુવતીઓ માટે છેલ્લા ૨૫ વર્ષથી રઘુવંશી વેવિશાળ માહિતી કેન્દ્ર (નિઃશુલ્ક)’ ચલાવનારા મનુભાઈ મીરાણીનો તા.૩, ફેબ્રુઆરી, મંગળવારે ૮૫મો જન્મદિન છે. રઘુવંશી સમાજનાં વરિષ્ઠ સમાજ સેવક મનુભાઈ મીરાણી દ્વારા ૨૫ વર્ષથી લોહાણા સમાજનાં લગ્નોત્સુક યુવક યુવતીઓ માટે નિઃશુલ્ક ‘રઘુવંશી વૈવિશાળ માહિતી કેન્દ્ર’ ચલાવવામાં આવે છે. અત્યાર સુધીમાં મનુભાઈ મીરાણી દ્વારા નિઃશુલ્ક કુલ ૧૯ પરીચય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ૭ પરીચય મેળા ઓનલાઈન કરવામાં આવ્યા છે.

૮૦૦૦ થી વધારે બાયોડેટાના સીસ્ટમેટીક સંચાલન સાથે અત્યાર સુધીમાં સેંકડો યુવક યુવતીઓના લગ્ન કરાવવામાં નિમીત બનેલા મનુભાઈ દેશ વિદેશમાં સેંકડો રઘુવંશી પરીવારોને પોતાની સેવા સને–૨૦૦૧થી આપી રહયાં છે.

મનુભાઈ મીરાણી દ્વારા રઘુવંશી સમાજનાં શિક્ષીત (મીનીમમ ગ્રેજયુએટ કે તેથી વધારે) લગ્નોત્સુક દિકરા–દિકરીઓ માટે લોહાણા મહાજન વાડી, સાંગણવા ચોક, આદર્શ હોલ, રાજકોટ ખાતે સવારે ૧૦–૩૦થી બપોરે ૧–૩૦ દરમિયાન, દર રવીવારે, નિઃશુલ્ક માહિતી કેન્દ્ર રાજકોટ લોહાણા મહાજનનાં સહયોગથી ચાલે છે. ‘રઘુવંશી વેવિશાળ માહિતી કેન્દ્ર (નિઃશુલ્ક)’ હાયર એજયુકેશનવાળા, રી–મેરેજ, સગાઈ કેન્સલ, નોન ગ્રેજયુએટ તેમજ છૂટછાટ મુકવાવાળા ફેશ કોઈપણ વર્ષનાં રઘુવંશી યુવક–યુવતીઓ તથા ડોકટર, સી.એ., એન્જિનયર, ફોરેન તેમજ હાઈપ્રોફાઈલ પાર્ટીના હાયર એજયુકેશનવાળા રઘુવંશી યુવક યુવતીઓ માટે દર રવીવારે પરીચય થાય તે માટે મીટીંગનું પણ આયોજન કરવામાં આવે છે.યુવક–યુવતીઓ ‘ લગ્ન પહેલા થેલેસેમીયા ટેસ્ટ’ અચુક કરાવે અને તેના થકી આગામી વર્ષોમાં ‘થેલેસેમીયા મુકત રઘુવંશ, થેલેસેમીયા મુકત સમાજ’ બને, તથા કમળા ફુલ જેવા બાળકો મોતના મુખમાં જતા અટકે તેવા ઉમદા, પવિત્ર આશયથી હવેથી થેલેસેમીયા ટેસ્ટ કરાવ્યો હોય તેને જ નિઃશુલ્ક રઘુવંશી વેવિશાળ માહીતી કેન્દ્રમાં પ્રવેશ અપાઈ રહયો છે. વેવિશાળ માહિતી–માર્ગદર્શન અપાઈ છે. આ નિયમનું અત્યંત કડક અમલીકરણ કરાઈ રહયું છે.

મનુભાઈ મીરાણી સદગુરૂ ભગવાન રણછોડદાસજી બાપુમાં અપાર શ્રધ્ધા ધરાવે છે. મનુભાઈ મીરાણી (મો. ૯૪૨૮૪ ૬૬૬૬૩) રાજકોટ.

### ઉર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે

## અમરેલીના જાળીયા અને રાંઢીયા મુકામે વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત સંપન્ન

### અંદાજે રૂ. ૨ કરોડથી વધુના ખર્ચે સુવિધાપથ (સી.સી રોડ) બનશે

અમરેલી, તા. ૨

અમરેલીના જાળીયા અને રાંઢીયા મુકામે ઉર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જાળીયા મુકામે અંદાજે રૂ. ૨ કરોડથી વધુના ખર્ચે સુવિધાપથ (સી.સી રોડ) બનશે, રૂ. ૨૫ લાખના ખર્ચે ગ્રામ પંચાયતનું નવું ભવન આકાર પામશે. અંદાજિત રૂ. ૬.૫ કરોડના ખર્ચે જાળીયા–કેરાળા–હડાલા રોડ પર સ્ટ્રકચર નિર્માણ કામગીરીનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતુ. જાળીયા મુકામે વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત કરવામાં આવતા નાગરિકોની જનસુવિધાઓમાં વધારો થશે. રાંઢીયા મુકામે રૂ. ૨૫ લાખના ખર્ચે નવું પંચાયત ભવન આકાર પામશે, રાજયમંત્રીએ નવા પંચાયત ભવનની કામગીરીનું ખાતમુહૂર્ત કર્યુ હતું.




અમરેલીના જાળીયા મુકામે વિવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત પ્રસંગે રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, સમગ્ર જિલ્લામાં વિકાસકાર્યો તેજ ગતિએ આગળ ધપી રહ્યા છે. રાજય સરકારે મોટું મન રાખીને ખેડૂતોને રૂ. ૧૦ હજાર કરોડનું કૃષિ રાહત પેકેજ આપ્યું હતું. રાજયમંત્રીએ અમરેલીમાં જિલ્લામાં વિવિધ વિકાસકામોની ભેટ બદલ રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીનો ધન્યવાદ વ્યકત કર્યો હતો.

અમરેલીના જાળીયા અને રાંઢીયા મુકામે વિવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ પાથર, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત સભ્યઓ, સરપંચઓ, ગ્રામ પંચાયત સભ્યઓ, સ્થાનિક અગ્રણીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### પોલીસએ જનતાનો મિત્ર છે કહેવત સાર્થક

## રાજુલામાં ભુલા પડેલ વૃધ્ધનું પરિવાર સાથે પોલીસે મિલન કરાયું

### સૌ કોઈના માટે અર્ધી રાતનો હોંકારો એટલે પોલીસ

અમરેલી, તા.૨

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જિલ્લામાં વ્યકિત સબંધીત ગુમના બનાવોમાં સત્વરે ગુમ થનારને શોધી પરીવાર સાથે મિલન કરાવવાં સુચના આપેલ હોય,

જે અન્વયે રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપે.વી.એમ.કોલાદરાએ અસરકારક કામગીરી કરવાં સુચના અને માર્ગદર્શન આપેલ, જે અન્વયે ગત તા.૧ ના રોજ રાજુલા પોલીસ સ્ટાફ રાજુલા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો. તે દરમ્યાન સવારના આશરે દસેક વાગ્યે સર્મપણ હોસ્પિટલ પાસે એક વયોવૃધ્ધ મહીલા ખુબ જ ચિંતાતુર અને ગભરાયેલી હાલતમાં પોલીસ સ્ટાફ પાસે આવેલ અને ફરજ પરના પોલીસ કર્મચારીઓને વાત કરેલ કે, પોતે બગસરા મુકામેથી તેમના દિકરાને ત્યાં રહેવાં માટે આવેલ છે. અને સવારના સમયે ગાયત્રી મંદિરે દર્શન કરવાં માટે ગયેલ હતા.અને દર્શન કરી પરત ઘરે જવાં નીકળેલ પરંતુ તેઓ રસ્તો ભુલી જતાં અહીં સુધી આવી ગયેલ છે.



પોલીસ દ્વારા ખુબ જ ધીરજપુર્વક અને સહાનુભુતી સાથે વાતચીત કરતાં વયોવૃધ્ધ મહીલાએ તેમનું નામ પુષ્પાબેન હસમુખભાઈ જયસ્વાલ (રહે.બગસરા વાળા) અને ગાયત્રી મંદિર આસપાસ રહેતા હોવાની વાત કરેલ.જેના આધારે પોલીસે ગાયત્રી આસપાસના વિસ્તારો અને સોશિયલ મીડિયા ગૃપ્સમાં તપાસ શરૂ કરેલ આમ પોલીસની ટેકનિકલ ટીમ અને હ્યુમન પ્રયાસોથી વયોવૃધ્ધ મહીલાના દિકરા વિમલભાઈનો સંપર્ક થઈ જતાં તેઓને પોલીસ સ્ટેશન ખાતે બોલાવી પુછપુરછ કરતાં તેઓએ જણાવેલ કે, વયોવૃધ્ધ મહીલા તેમના માતા છે.અને આજે સવારના સમયે પોતાના ઘરેથી ગાયત્રી મંદિરે દર્શન કરવાં જવાનું કહી નીકળેલ પરંતુ ઘરે પરત ફરેલ ન હોય જેથી તેઓ આ બાબતે પોતાની રીતે તપાસ કરતાં હોવાનું જણાવેલ હતું.

વયોવૃધ્ધ મહીલાએ પોતાના પરીવાર સાથે મિલન થઈ જતાં તેઓએ રાજુલા પોલીસનો આભાર માનેલ હતો. આમ એક વયોવૃધ્ધ મહીલાને તેમના પરીવાર સાથે ગણતરીની કલાકોમાં મિલન કરાવી, ખરા અર્થમાં પોલીસ પ્રજાનો મિત્ર છે. તેમજ સિનીયર સિટીઝનની સુરક્ષા એ અમારી પ્રાથમિકતા છે.તે સુત્રને સાર્થક કરેલ છે.

## અમરેલી : કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ખાતે વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઈ



અમરેલી, તા. ૨

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી દ્વારા વિસ્તરણ પ્રવૃતિઓ જેવી કે કૃષિલક્ષી તાલીમ, નિદર્શનો. કિસાન ગોષ્ઠી, ફાર્મ પરિક્ષણની અનેકવિધ પ્રવૃતિઓ અમરેલી જીલ્લામાં કરવામાં આવે છે જેનું મુલ્યાંકન કરવા માટે તા. ૩૦/૧/૨૦૨૬નાં રોજ ૨૧મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતીની બેઠક જુનાગઢ કૃષિ યુનિવર્સીટીના માનનીય કુલપતિ ડો. વી.પી. ચોવટીયાનાં અધ્યક્ષ સ્થાને મળી હતી. કાર્યક્રમમાં કેવીકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મીનાક્ષી કે. બારીયાએ ગત ૨૦મી બેઠકના મુદ્દાઓનું અમલીકરણ, વર્ષ ૨૦૨૫નો પ્રગતિ અહેવાલ અને વર્ષ ૨૦૨૬ના કાર્યક્રમોના આયોજનની રૂપરેખા રજુ કરી. ત્યારબાદ વિષય નિષ્ણાંત ડો. નેહા તિવારી અને ડો. ેતા એ. પટેલ દ્વારા વિષયને અનુરૂપ પ્રગતિ અહેવાલ તથા આગામી વર્ષના આયોજન રજૂ કરવામાં આવ્યા. વૈજ્ઞાનિક સલાહકાર સમિતીમાં જુનાગઢ કૃષિ યુનિવર્સીટીના વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એન.બી. જાદવ, ડો. ડી.એસ. હિરપરા, સહ સંશોધન નિયામક, સૂકી ખેતી, તરઘડીયા, જે.કે. કાનાણી, જીલ્લા ખેતીવાડી અધિકારી, અમરેલી, ડો. એચ. સી. છોડવડિયા, સહવિસ્તરણ શિક્ષણ નિયામક, જુકૃયું, જુનાગઢ, એમ. એમ. કરમૂર, નાયબ બાગાયત નિયામક, અમરેલી, ડો. વી. એન. ગોહિલ, સંશોધન વૈજ્ઞાનિક, કૃષિ સંશોધન કેન્દ્ર, અમરેલી, ધીરૂભાઈ વાગડીયા, ડાયરેકટર, એસએસકેકે, અમરેલી, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડો. એમ. એમ. તળપદા અને ડો. જે. એન. વ્યાસ, કેવીકે, તરઘડીયા અને નાના કાંધાસર તથા ૧૦ જેટલા ખેડૂત ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા. વૈજ્ઞાનિક સલાહકાર સમિતીનાં અધ્યક્ષ અને કુલપતિ ડો. વી.પી. ચોવટીયા દ્વારા જળ જમીન સરક્ષણ કરવા અને રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો વપરાશ ઓછો કરવા તથા પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા તથા નવી જાતોના નિદર્શનો વધારવા અંગે સૂચનો આપ્યા. વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એન. બી. જાદવ દ્વારા ખેતી સાથે પશુપાલનની તાલીમ વધે એના પર ભાર મુકયો. અંતમાં ડો. ેતા એ. પટેલ દ્વારા સર્વેનો આભાર વ્યકત કર્યો અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આ માર્ગદર્શક સૂચનોનો સારી રીતે અમલ કરી ફળદાયી પરિણામ આપશે એવી ખાતરી આપી.

### લુહાર–સુથાર સહિત તમામ વર્ગ દ્વારા

## બાબરા : ચમારડી ખાતે આસ્થા અને ઉત્સાહભેર વિશ્વકર્મા જયંતીની ઉજવણી

### પુજન, અર્ચન, મહાઆરતી, મહાપ્રસાદ સહિતનું આયોજન



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨

બાબરા તાલુકાના ચમારડી ગામે સૃષ્ટિના સર્જક અને શિલ્પ સ્થાપત્યના દેવ ભગવાન વિશ્વકર્મા દાદાની જન્મજયંતી એટલે કે વિશ્વકર્મા તેરસની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. લુહાર–સુથાર સમાજ ધ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સમગ્ર જ્ઞાતિજનો ઉત્સાહ જોવા જોડાયા.

ઉજવણીના ભાગરૂપે સવારે ૧૦ કલાકે ભગવાન વિશ્વકર્માના જયઘોષ સાથે શાસ્ત્રોક્ત વિધિથી પૂજન–અર્ચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બપોરે ૧૨ કલાકે દાદાને છપ્પન ભોગનો થાળ ધરાવી ભવ્ય આરતી કરવામાં આવી હતી. સમગ્ર વાતાવરણ ‘ જય વિશ્વકર્મા’ના નાદથી ગુંજી ઉઠયું હતું.

ધાર્મિક વિધિઓ પૂર્ણ થયા બાદ સમાજના ભાઈઓ–બહેનો માટે મહાપ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ આ મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન લુહાર–સુથાર સમાજમાં પરસ્પર ભાઈચારો અને શ્રધ્ધાનો માહોલ જોવા મળ્યો હતો.

## અમરેલીનાં પ્રાકૃતિક નિદર્શન એકમની કૃષિ યુનિવર્સીટીનાં કુલપતિ દ્વારા મુલાકાત લેવાઈ



અમરેલી, તા. ૨

જુનાગઢ કૃષિ યુનિવર્સીટીનાં કુલપતિ ડો. વી.વી.ચાવટીયા તથા વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એન.બી. જાદવ, સહ વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એચ.સી.છોડવડીયા, જિલ્લા ખેતીવાડી અધિકારીજે.કે.કાનાણી,ડો.વી.એન.ગોહીલ, સંશોધનવૈજ્ઞાનિક,એ.આર.એસ.,અમરેલી અને કેવીકેના વરિષ્ટ વૈજ્ઞાનિક અને વડા તરઘડીયા,નાનાકાધાસરઅનેઅમરેલીતેમજ અન્યકેવીકેસ્ટાફસાથેકેવીકેફાર્મનીમુલાકાત કરી, પ્રાકૃતિક નિદર્શન એકમ તથા પ્રાકૃતિક ખેતીમાટેનુંપંચસ્તરીયમોડેલનીમુલાકાતકરી અનેજરૂરીમાર્ગદર્શનપુરૂપાડયું આતબક્કે ચણા જીજી–૮ નવીન જાતનું મિકેનિકલ કંબાઈન્ડ હાર્વેસ્ટર વડે ખેડૂતો કાપણી કરાવી શકશે. એ પણ સલાહ આપી.

## શહેરને સુવર્ણ નગરી બનાવવા માટે મહત્વનું કાર્ય કરવું પણ જરૂરી

# સાવરકુંડલામાં સુવિધાયુકત ''શાકમાર્કેટ''નું નિર્માણ કરો

''નાવલી'' નદીનાં પટ્ટમાં દાયકાઓથી ભરાતી ''શાકમાર્કેટ''નું નવનિર્માણ કરવું જરૂરી

શાકભાજીનાં વેપારીઓ, મહિલાઓ સહિત સૌ કોઈ ખરીદવા આવનારને વ્યાપક પરેશાની

સમગ્ર શહેરીજનો ધારાસભ્ય ઉપર નજર અને આશા રાખી રહ્યા છે કે તેઓ કંઈક યોગ્ય કરશે

જો કે ધારાસભ્ય પણ સમસ્યાથી પરિચીત હોય તેઓ કેમ શાકમાર્કેટનું કલ્યાણ કરતાં નથી તે સમજાતું નથી






સાવરકુંડલા, તા. ૨

કાંટા ઉદ્યોગ માટે વિશ્વભરમાં વિખ્યાત અને હાલ વિકાસના પંથે હરણફાળ ભરી રહેલું સાવરકુંડલા શહેર આજે એક પાયાની જરૂરિયાત માટે વલખાં મારી રહ્યું છે. શહેરમાં આઈકોનિક રોડ, ઓડિટોરિયમ અને અટલ સરોવર જેવા પ્રોજેકટસ સાકાર થઈ રહ્યા છે, પરંતુ સોનાની થાળીમાં લોઢાની મેખ સમાન નાવલી નદીના પટ્ટમાં ભરાતી શાકમાર્કેટ શહેરના આયોજન સામે અનેક સવાલો ઉભા કરે છે.

વર્ષોથી નાવલી નદીના પટ્ટમાં શાકભાજીના વિક્રેતાઓ પોતાનો વ્યાપાર કરે છે. પરંતુ જયારે ચોમાસામાં નાવલી તોફાને ચડે છે, ત્યારે આ શાકમાર્કેટની હાલત કફોડી બની જાય છે. વિક્રેતાઓને બિલાડીના બચ્ચાની જેમ માલ–સામાન લઈને રોડ પર આશરો લેવો પડે છે. આ અસ્થિરતાને કારણે ટકનું રળીને ખાતા નાના વેપારીઓ અને ગ્રાહકો બંનેને ભારે હાલાકી ભોગવવી પડે છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર અગાઉ તંત્ર દ્વારા સાવર અને કુંડલા બંને વિસ્તારમાં શાકમાર્કેટ બનાવવામાં આવી હતી. પરંતુ લોકેશનની પસંદગીમાં થયેલી થાપને

અનુસંધાન પાના ૬ ઉપર

## શહેરમાં રખડતા શ્વાનની સમસ્યા દિનપ્રતિદિન વિકરાળ બની રહી છે

# અમરેલીની આવકાર સોસાયટીમાં રખડુ શ્વાનને લઈને બે પક્ષો વચ્ચે બઘડાટી બોલી : પોલીસ ફરિયાદ

### પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૨

અમરેલી શહેરમાં રખડું ાનને લઈ લોકો પરેશાન થઈ રહયાં છે. ખાસ કરી વાહન લઈ નિકળતાં લોકો પાછળ આવા ાન દોડી અને ભય ફેલાવે છે. ત્યારે હવે આવા રખડું ાનને લઈ અમરેલીની એક સોસાયટીમાં મારામારીના બનાવો બનવા પામેલ છે. જે બનાવમાં સામસામી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

અમરેલીના ચિત્તલરોડ ઉપર આવેલ આવકાર સોસાયટીમાં રહેતી ફાલ્ગુનીબેન ભાવેશભાઈ ખોરાસીયા નામની ૨૭ વર્ષીય યુવતીની સોસાયટીમાં રહેતા મહેશભાઈ ચાવડા નામનાં શેરીના કુતરાને કેબલ વાયરથી મારતા હોય જેથી યુવતીના મમ્મીએ કુતરાને માર મારવાની ના પાડતા આરોપીને સારૂ નહી લાગતા યુવતી તથા તેણીના માતાને ગાળો આપી કેબલ વાયરથી માર મારી તથા આરોપીનાં પત્નિ, દીકરો તથા અજાણ્યા ચાર માણસો આવી જઈ

અનુસંધાન પાના ૬ ઉપર


















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)